ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

વર્ષ : ૧૪ અંક : ૪૭ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૨૧-૧૧-૨૦૧૩, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 www. thearyasamaj.org\agnipath ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

### રાજસ્થાનમાં નરેન્દ્ર મોદી દ્વારા ઝંઝાવતી ચૂંટણી પ્રચાર

## કોંગ્રેસે જળ, થળ, પાતાળ બધા જ ક્ષેત્રે ભ્રષ્ટાચાર કર્યા છે : મોદી

ગાંધીનગર

ભારતીય જનતા પાર્ટીના પ્રધાનમંત્રી પદના ઉમેદરવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનની જંગી ચૂંટણી જાહેરસભાઓમાં કોંગ્રેસના કુશાસન અને ભ્રષ્ટાચારે દેશને તબાહીના આરે લાવી મુક્યો છે તેમાંથી વિકાસનો માર્ગ અને સુરાજ્યની દિશામાં લઈ જવા ભારતીય જનતા પાર્ટીને સત્તા સુકાન સોંપવા આહવાન કર્યું હતું. રાજસ્થાનના ઝંઝાવાતી ચૂંટણી પ્રચારમાં એક જ દિવસમાં નરેન્દ્ર મોદીએ અલ્વર, પાલા, બન્દીફૂઈ, સવાઈ મોધોપોર અને દુદુમાં વિસાળ જાહેરસભાઓને સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રીએ રાજસ્થાનમાં બરબાદી અને રાજ્યને તહસ-નહસ કરવાની સત્તાની સાઠમારીની કોંગ્રેસ સરકારની આકરી આલોચના કરતાં જણાવ્યું કે રાજસ્થાનની વર્તમાન કોંગ્રેસ સરકારનો રાજ્યની વડી અદાલતે પણ ઠપકો આપ્યો છે અને જે લોકોનું ભલુ ન કરી શકે તો સત્તામાં ન રહેવું જોઈએ તેવો નિર્દેશ કર્યો છે ત્યારે હવે જનતા જનાર્દન એવી વાયદે બાજ સરકારમાં કઈ રીતે ભરોસો મુકે તેવો સવાલ તમણે ઉઠાવ્યો હતો. મોદીએ રાજસ્થાનની પ્રજાને હવે પોકળ વાતોના વડા કરનારી, વચનો આપી નામુક્કર જનારી કે પંચાવન મહિના એશો-આરામમાં ખોવાઈ જઈ પાંચ જ મહિના જનતાને દેખાડા ખાતર મોઢું બતાવતી સરકારમાં નહીં, વિકાસની રાજનીતિથી પ્રદેશનો સમૂળગો વિકાસ કરે અને પ્રજા સાથે જોડાયેલી રહે તેવી પોતીકી ભાજપ સરકાર જોઈએ છે તેવો જનમિજાજ ઉભો થયો છે જે કોંગ્રેસનું નામુ નાંખી દેશે તેમ વિશ્વાસપૂર્વક જણાવ્યું હતું. ગુજરાત અને રાજસ્થાન પડોશી રાજ્યો છે છતાં ભાજપના સુશાસનમાં ગુજરાતનો સર્વાંગી વિકાસ અને રાજસ્થાનની કોંગી સરકારમાં પ્રદેશની અવદશા સૌને નજરે દેખાઈ રહી છે તેમ જણાવતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતની સરકાર તો પ્રચંડ જનસમર્થનથી સૌના સાથ સૌના વિકાસની ભાવનાને વહેલી છે. રાજસ્થાનની કોંગી સરકાર જેમ સ્વના વિકાસ કે પરિવારભક્તોને નહીં તેવો વેધક કટાક્ષ તેમણે કર્યો હતો.નરેન્દ્ર મોદીએ પ્રદેશ અને રાષ્ટ્રના વિકાસ માટે કોંગ્રેસમુક્ત ભારતનું આહવાન આપતાં કોંગ્રેસના ભ્રષ્ટાચારી શાસનની નીતેરીતી ખુલ્લી પાડી હતી અને જણાવ્યું કે, આકાશ, પૃથ્વી, જલ, થલ, પાતાળ, એક પણ ક્ષેત્ર આ લોકોએ ભ્રષ્ટાચારથી બાકાત રાખ્યું નથી. એમને તો પૈસા ક્યાંથી મળે એમાં જ રસ છે. પ્રજાની પરવા જ નથી. આ સંદર્ભમાં તેમણે વિદેશી બેન્કોમાં રહેલા બેહિસાબી નાણાંની ચિંતા કોંગ્રેસને છે, પરંતુ દેશની જનતાને કારમી મોંઘવારીમાંથી બહાર કાઢવાની ચિંતા નથી તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

## સહકારી મંડળીની ચુંટણી દર ત્રણને બદલે પાંચ વર્ષે થશે

ગુજરાત વિધાનસભામાં રાજ્યની ચાલીસ હજાર સહકારી મંડળીઓને સ્વાયત્તા આપવાની સત્તા રાજ્યના મુખ્ય સચિવને આપ્યા બાદ નવા કાયદા અમલમાં મુકાયા છે. તેના કારણે સ્વાયત્તાના નામે સરમુલ્યતારશાહીનો નવો યુગ શરૂ થવાની દહેશત વ્યક્ત કરાઈ રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ સહકારી કાયદા-૨૦૧૩માં કેટલીક નવી સ્પષ્ટતાઓ કરવામાં આવી છે. તે અંતર્ગત હાલમાં સહકારી મંડળીઓએ દર ત્રણ વર્ષે ચુંટણી આપવી પડે છે. તેને બદલે આ સમય અવધી પાંચ વર્ષની કરી દેવામાં આવી છે. આમ હવે પાંચ વર્ષે સહકારી મંડળીઓએ ચૂંટણી આપવી પડશે. જ્યારે અન્ય એક કરાયેલા મહત્વપૂર્ણ ફેરફારમાં કોઈ બોર્ડે ગેરરિતી કરતા પકડાય છે તો તેવા સંજોગોમાં તેની સામે શું કાર્યવાહી કરવી તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. સહકારી કાયદા ૧૯૬૧ અન્વયે અત્યાર સુધી વહીવટદારની નિમણૂંક કરવામાં આવી હતી. જેને સ્થાને વહીવટદારની નિમણૂંક ન કરવા માટે નવા ગેઝેટમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. ગેરવહીવટ કરનાર તત્વો સામે શું કાર્યવાહી કરવી તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. રાજ્યની તમામ સહકારી બેંકો અને મોટા સહકારી સંગઠનોને સ્વાયત્તા આપવાના આ ગેઝેટે માટે વિવાદ સર્જાયો છે ભુતકાળમાં કો-ઓપરેટીવ બેંકોએ જે ગેરરીતી આચરીને લાખો લોકોની પરસેવાની મૂડીને કરી નાખી હતી. તેમના જેવા વિવાદી સહકારી આગેવાનોને હવે નવા સુધારેલા કાયદા પ્રમાણે સહકારી મંડળીઓ કે સંસ્થાનોમાં ગેરરિતી કરતા રોકવા અતિ કઠીન થઈ જશે. જિલ્લા રજીસ્ટ્રાર કચેરીના અધિકારીઓ પણ આ વાતને સમર્થન આપી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ ગેઝેટમાં ગેરરીતી કરનાર બોર્ડ પર વહીવટદારની નિમણૂંક ન કરવા માટે જણાવાયું છે. તેમાં અન્ય કોની નિમણૂંક કરવી તે સ્પષ્ટતા કરાઈ નથી. અલબત્ત તેઓ અધિકારીઓની નિમણૂંક કરી શકશે. ગુજરાત રાજ્ય ખેડૂત સમાજના ઉપપ્રમુખ જયેશ પટેલે જણાવ્યું હતું કે, હકીકત એ છે કે, ચૂંટણીની સમય અવધી પાંચ વર્ષને બદલે એક વર્ષ કરવાની હતી. આ સમય અવધી એક વર્ષની કરાય તો બોર્ડના ડિરેક્ટરો કામ કરવા મજબુર બને. હવે સમય અવધિ પાંચ વર્ષની કરવામાં આવી છે. ત્યારે સહકારી મંડળીઓ સહકારી સંસ્થાનોના ડિરેક્ટરો બેફામ બનશે. તેમાં નીચલા સ્તરના ખેડૂતની ફરીયાદ કોઈ સાંભળનાર કોઈ રહેશે નહીં. સહકારી માળખામાં મૂળ સિદ્ધાંત સ્પષ્ટ છે કે, છેવાડાના વ્યક્તિનું શોષણ ન થવું જોઈએ. તેને બદલે નવા કાયદા પ્રમાણે હવે ડિરેક્ટરશીપના નવા યુગનો આરંભ થઈ ચુક્યો છે.

### આર્ય જગતના સુપ્રસિદ્ધ દાર્શનિક વિદ્વાન તથા આશ્રમના મેનેજીંગ ટ્રસ્ટી આચાર્ય જ્ઞાનેશ્વરજી સાથે એક મુલાકાત

## અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતું વાનપ્રસ્થ સાધક આશ્રમ-રોજડ

રોજડ

વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ હવે માત્ર વાનપ્રસ્થિઓ માટે સ્વાધ્યાય, સેવા, સાધનાનું કેન્દ્ર ન રહેતાં સંસ્કૃત, વ્યાકરણ તથા દર્શનશાસ્ત્રના અધ્યાપનનું કેન્દ્ર પણ બની ગયું છે. તાજેતરમાં આચાર્ય જ્ઞાનેશ્વરજી સાથે આ સંબંધે થયેલ વિસ્તૃત ચર્ચામાં આચાર્યજીએ જણાવ્યું હતું કે, સંસ્કૃત ભાષાના અષ્ટાધ્યાયીથી મહાભાષ્ય સુધીના વ્યાકરણ શીખવાડવાનું શરું કરવામાં આવ્યું છે. આ કાયમી પ્રોજેક્ટ હોવાનું જણાવી આચાર્યજીએ કહ્યું હતું કે, અત્યારે સ્વામી મુક્તાનંદજી દ્વારા સંસ્કૃત વ્યાકરણનું પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

ન્યાય દર્શનની એક વર્ષની વિશેષ કક્ષા પણ અત્યારે વાનપ્રસ્થ સાધક આશ્રમમાં ચાલી રહી છે. આચાર્ય સત્યજીતજી દ્વારા ન્યાય દર્શન ભણાવવામાં આવી રહ્યું છે. ન્યાય દર્શનના આ વર્ગમાં ૨૧ બ્રહ્મચારીઓ ઉપરાંત વાનપ્રસ્થી, સમયાંતરે થોડા



દિવસો માટે આવતા દર્શનપ્રેમી જીજ્ઞાસુઓ સઘન અધ્યયન કરી રહ્યા છે. ૨૮મી ઓગષ્ટથી શરૂ થયેલ આ ન્યાય દર્શનનું અધ્યાપન કાર્ય જુલાઈ ૨૦૧૪ સુધી નિરંતર ચાલતું રહેશે. કાર્યક્રમના અંતે બ્રહ્મચારીઓ સહિત વાનપ્રસ્થીઓની પણ લેખિત-મૌખિક પરિક્ષા લેવામાં આવશે. પરિક્ષામાં સફળતાપૂર્વક ઉત્તિર્ણ થનાર વ્યક્તિને તેમની યોગ્યતા મૂજબ ન્યાય પ્રાગ્ન, ન્યાય વિશારદ, ન્યાયાચાર્યની પદવીઓ એનાયત કરવામાં આવશે.

આશ્રમમાં એક મહિના માટે ૧૦ જેટલા વિશેષ વ્યક્તિઓ ધર્મ શિક્ષાના પ્રશિક્ષણ માટે આવ્યા છે. આ ૧૦માં મોટાભાગના લોકો પહેલેથી જ પૂરોહિતનું કાર્ય કરી રહ્યા છે. પસંદગી પામેલા આ ૧૦ વ્યક્તિઓએ પહેલાં આચાર્ય આશિષજીના સાનિધ્યમા દહેરાદૂન સ્થિત તપોવન ખાતે રહી અધ્યયન કર્યું હતું. ત્યાર બાદ થોડો સમય આ ૧૦ વ્યક્તિઓનો સમૂહ અજમેર સ્થિત ઋષિ ઉદ્યાન પહોંચ્યો. ઋષિ ઉદ્યાનમાં થોડો સમય રહી અધ્યયન કર્યા બાદ એક માસ માટે આ સમૂહ વાનપ્રસ્થ આશ્રમ આવી પહોંચ્યો છે. આશ્રમમાં આચાર્ય જ્ઞાનેશ્વરજી, આચાર્ય સત્યજીતજી, આચાર્ય સોમદેવજી, સ્વામી મુક્તાનંદજી જેવા પ્રખર વિદ્વાનો તેમને ધર્મ અને અધ્યાત્મ સંબંધિત જ્ઞાન પીરસી રહ્યા છે. આચાર્ય જ્ઞાનેશ્વરજીએ આ ધર્મશિક્ષકોના સમૂહ માટે વિશેષ રસ લઈને તેમને જૂદા-જૂદા સ્થાને સ્થાયી કરવાનું નક્કી કર્યું છે. ધર્મ શિક્ષકોને ઓછામાં ઓછું ૧૫ થી ૨૦ હજાર જેટલું વેતન મળે તેવી વ્યવસ્થા આચાર્ય જ્ઞાનેશ્વરજીએ કરી છે.

આચાર્ય જ્ઞાનેશ્વરજીએ અગ્નિપથ સાથેની વાતચીતમાં વધુમાં જણાવું હતું કે, ન્યાય દર્શનના વિદ્યાર્થીઓ, સંસ્કૃતના વિદ્યાર્થીઓ તથા ધર્મ શિક્ષકો



વાનપ્રસ્થ સાધક આશ્રમ મેં પૂજ્ય સ્વામી સત્યપતિજી તથા અધ્યાપકો સાથે ન્યાય દર્શન અને વ્યાકરણનો અભ્યાસ કરી રહેલા બ્રહ્મચારીઓ...

અને આશ્રમમાં રહેતા વાનપ્રસ્થીઓને અઠવાડિયામાં એક વાર સ્વામી સત્યપતિજીના ઉપદેશોનો લાભ મળી રહ્યો છે. દરરોજ સવારે સામૂહિક યજ્ઞના કાર્યક્રમ બાદ આચાર્ય જ્ઞાનેશ્વરજી સ્વયં આધ્યાત્મિક પ્રેરક વ્યાખ્યાનો આપી સૌને અધ્યાત્મના માર્ગ પર અગ્રેસર થવા માર્ગદર્શન અને પ્રેરણા આપી રહ્યા છે.

આમ, વાનપ્રસ્થ સાધક આશ્રમ અત્યારે તો બ્રહ્મચારીઓ, ધર્મશિક્ષકો અને ન્યાયદર્શન ભણવા આવતાં જીજ્ઞાસુઓના સમૂહથી ભર્યું-ભર્યું લાગી રહ્યું છે. આશ્રમ દ્વારા યજ્ઞ પ્રશિક્ષણ શિબિરો, ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિરો, સમયાંતરે યોજાતી શ્રેષ્ઠતા અને સફળતાની શિબિરો વગેરેના માધ્યમથી કરવામાં આવતા વૈદિક ધર્મના પ્રચારની સાથે ઉપરોક્ત ત્રણેય કાર્યક્રમો જોડાતાં સમગ્રતયા જે કામગીરી થઈ રહી છે તે પ્રશંસનીય છે.



## गृहस्थ जीवन को सुखी कैसे बनाए ?

: વક્તા :

**સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક**

નિદેશક, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ, સાબારકાંઠા



**કાર્યક્રમની રૂપરેખા**

**કાર્યક્રમની તારીખ : ૦૫/૦૧/૨૦૧૪**

૯:૦૦ થી ૧૦:૩૦ પ્રથમ સત્ર | ૧૦:૩૦ થી ૧૧:૦૦ જલપાન

૧૧:૦૦ થી ૧૨:૩૦ બીજુ સત્ર | ૧૨:૩૦ થી ૧:૩૦ ભોજન

**પ્રવેશ શુલ્ક : રૂ. ૧૦૦.૦૦**

પ્રવેશ માટે સંપર્ક : શશીકાંતભાઈ આર્ય મો. : ૮૮૬૬૦૮૧૦૯૬

સંજયભાઈ આર્ય મો. : ૯૪૨૬૩૮૧૩૦૨

**આયોજક**

આર્યસમાજ, અમદાવાદ

**વ્યવસ્થાપક**

વૈદિક સંસ્થાન, ઓઢવ

**: કાર્યક્રમનું સ્થળ :**

ટાઉન હોલ, એલિસબ્રીજ, આશ્રમ રોડ, અમદાવાદ

સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન


## આર્યસમાજ, પોરબંદર દ્વારા હવન અને સંસ્કાર વિધિ સંપન્ન

આર્યસમાજ, પોરબંદર દ્વારા વૈદિક ધર્મના પ્રચાર-પ્રસારનું કાર્ય ખૂબ જ સુંદર રીતે કરાઈ રહ્યું છે. વૈદિક ધર્મના પ્રચાર પ્રસાર ઉપરાંત યજ્ઞ અને સંસ્કાર વિધિ પણ આર્યસમાજ, પોરબંદર દ્વારા આસપાસના વિસ્તારોમાં કરાવવામાં આવી રહી છે.

આવા જ એક કાર્યક્રમમાં ખાગેશ્રી ખાતે શ્રી નાથાભાઈ અઘેરાજી ત્યાં યજ્ઞનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. યજ્ઞ બાદ પારિવારીક સત્સંગમાં આર્યસમાજના પંડિત શિવકુમાર દ્વારા વૈદિક સિદ્ધાંતોની જાણકારી આપવામાં આવી હતી.

દેવડા મુકામે એક જાહેર કાર્યક્રમમાં આર્યસમાજના પંડિત શ્રી શિવકુમાર શાસ્ત્રી દ્વારા યજ્ઞ અને સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. યજ્ઞ બાદ પં. શિવકુમારજીએ વૈદિક ધર્મ અંગે ઉપસ્થિત લોકોને જાણકારી આપી હતી.

આર્યસમાજના પંડિત શ્રી કૃષ્ણકાંત આર્યએ ખાગેશ્રી ખાતે શ્રી તુલસીભાઈ ગોહિલને ત્યાં ચુરાકર્મ (મુંડન) વિધિ કરાવી હતી. આ સંસ્કાર વિધિ બાદ પં. કૃષ્ણકાંત આર્ય દ્વારા પારિવારીક સત્સંગ કરવામાં આવ્યો હતો.



**વિચાર ટીવી દ્વારા આસ્થા ચેનલ તથા આસ્થા ભજન પર સ્વામી સત્યપતિજીનું પ્રવચન**

**પ્રસારણની તારીખ :- ૩૦/૧૧/૨૦૧૩**

**આસ્થા ચેનલ**

રાત્રે ૯:૩૦ થી ૧૦:૦૦

**આસ્થા ભજન**

રાત્રે ૮:૩૦ થી ૯:૦૦



સ્થાન સૌજન્ય : સર્વોત્કર્ષ સેવા સંસ્થાન

યોડહિંસકાનિ ભૂતાનિ હિનસ્ત્યાત્મસુખેચ્છયા ।
સ જીવંશ્ચ મુત્શ્ચૈવ ન ક્વચિત્સુખમેધતે ॥
मनुस्मृति ४५(७)

જે વ્યક્તિ પોતાની સુખની ઈચ્છાથી કદી પણ મારવા યોગ્ય ન હોય તેવા પ્રાણીઓની હત્યા કરે છે તે વ્યક્તિ જીવતાં કે મરીને પણ કદી સુખને પ્રાપ્ત નથી કરતી.

**તંત્રી સ્થાનેથી....**

# ગૌમુત્ર અને છાણ દ્વારા ખેતીમાં ચમત્કારિક પરિણામો

ખેતરોમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને માણસોની તંદુરસ્તી પર અસર પડી રહી હોવાથી ખેડૂતો દ્વારા દેશી ગાયને પાળીને તેના છાણ અને ગૌમુત્રનો ખેતીમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાથી પાકની જાળવણીમાં સફળતા મળી રહી છે.

વિજ્ઞાનની થતી અવનવી શોધમાં ખેતીમાં વિજ્ઞાનનાં નામે રાસાયણિક ખાતરો, ભયાનક ઝેરી જંતુનાશકો સહિતની શોધ થવાથી વહેલો પાક ઉતારી વધુ કમાવાની લાલચમાં ઘણી જમીનોની ફળદ્રુપતા ઘટી રહી છે. ઉપરાંત ખેત ઉત્પાદનમાં પણ આ ઝેરી રસાયણો ભળતા લોકો અને પશુઓ ધીમુ ઝેર આરોગી રહ્યા છે. અને રાસાયણીક ખાતરોની છેલછામાં ખેડૂતોને સેન્દ્રીય ખાતર અને પૌષ્ટિક આહારથી વિમુખ કરવામાં આવ્યા છે ત્યારે જળક્રાંતિ ટ્રસ્ટનાં મનસુખભાઈ સુવાગીયાએ ગીર ગાય આપણાં આંગણે અને દેશી ગાય આધારીત કૃષિનો પ્રારંભ કરવામાં આવતા ખેડૂતો દ્વારા દેશી ગાયો પાળીને ખેતીમાં તેના છાણ અને ગૌ મુત્રનો ઉપયોગ કરવામાં આવી રહ્યા છે. ખેડૂતો દ્વારા સેન્દ્રીય ખાતરનો ઉપયોગ કરવામાં આવતા કપાસનો મલબખ પાક લેવામાં આવી રહ્યો છે જ્યારે રાસાયણીક ખાતરોથી થયેલી વાવણી સુકાતી જઈ રહી છે. ઉપરાંત ખેતરમાં ૧૫ લીટર પાણીમાં ૨ લીટર દેશી ગાયનું ગૌમુત્ર મેળવી છંટકાવ કરવામાં આવતા મગફળીમાં, રાતડ સંપુર્ણ અટકાવવામાં સફળતા મળી છે જ્યારે ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામના ખેડૂતોએ છાણીયા ખાતરથી કપાસ વાવીને ટપક સિંચાઈ દેશી ગાયનું ગૌમુત્ર સિચ્યુ હોવાથી લીલોછમ પાક ઉગી આવ્યો છે.

રાસાયણિક ખાતરના સતત ઉપયોગથી અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગને કારણે જમીની ફળદ્રુપતા સતત ઘટી રહી છે ત્યારે આ પ્રયોગ કરવાથી પાકની જાળવણીમાં પણ સફળતા મળી છે. આમ અતિવૃષ્ટિમાં સેન્દ્રિય ખાતરો ખૂબ જ ઉપયોગી નિવડે છે.

# તર્ક અને શ્રદ્ધાને પરસ્પર વિરોધી વસ્તુ સમજવી મોટી ભૂલ છે

**श्रद्धां प्रातर्हवामहे श्रद्धां मध्यन्दिनं परि ।**
**श्रद्धां सूर्यस्य निम्लुचि श्रद्धे श्रद्धापयेह नः ॥**

(ऋ.१०.१५१.५)

પ્રાતઃ આપણે શ્રદ્ધાને બોલાવીએ. દિવસભર આપણે શ્રદ્ધામાં રહીએ, સાંજે પણ શ્રદ્ધાનું આહ્વાન કરીએ. હે શ્રદ્ધે ! તું અમને સદાય શ્રદ્ધાયુક્ત રાખ.

**श्रद्धया विन्दते वसु ।**

પ્રાયઃ સાંભળવામાં આવે છે કે આર્યસમાજના સભાસદોમાં શ્રદ્ધાની ઉણપ છે, આપણા પર લાગેલું આ ભારે લાંછન છે. આપણે ઈચ્છીએ કે આપણા પર લાગેલું લાંછન શીઘ્રતાશીઘ્ર દૂર કરવાનો પ્રબળ પુરુષાર્થ કરીએ. આપણામાં શ્રદ્ધાની ઉણપ શા માટે છે ? કંઈક એવું પ્રતીત થાય છે કે જે જમાનામાં આર્યસમાજનો ઉદય થયો તે સમયે અંધવિશ્વાસનું સર્વત્ર રાજય હતું. આથી આર્યસમાજને તર્ક પર વિશેષતયા અવલંબિત રહેવું પડ્યું, પરંતુ આપણો આ તર્ક એટલો બધો વધી ગયો કે તે સીમાનું ઉલ્લંઘન કરી આપણી શ્રદ્ધાવિહીનતાનું કારણ બન્યું.

તર્ક અને શ્રદ્ધાને અત્રે બરાબર સમજી લેવું આવશ્યક છે, આવશ્યકતા બંનેની છે. તેઓને બે વિરોધી વસ્તુ સમજવી મોટી ભૂલ છે. આ બંને તો ભાઈ-બહેનની જેમ પરસ્પર અત્યન્ત સહાયક છે. એક સૂત્રમાં એમ કહી શકાય કે શ્રદ્ધા પ્રાપ્ત થવાથી જ આપણે તર્ક બરાબર કરી શકીએ છીએ અને તર્ક દ્વારા શ્રદ્ધા સ્થાપિત બરાબર થાય છે. આ સમજવા માટે શ્રદ્ધાનું સ્વરુપ સમજીએ. શ્રદ્ધાનો સરળ ભાષાર્થ છે 'સત્યમાં વિશ્વાસ'. આનો શબ્દાર્થ પણ શ્રત્+ધા અર્થાત્ સત્યને ધારણ કરવું. જયાં સુધી આપણી કોઈ સત્યમાં શ્રદ્ધા હોતી નથી, ત્યાં સુધી તે સત્ય આપણા હૃદયમાં પૂર્ણ રીતે અવસ્થિત થતું નથી. શ્રદ્ધા જ આપણી અંદર સત્યને દૃઢતાપૂર્વક જમાવી દે છે અને જયારે કોઈ સત્ય આપણામાં જામી જાય તો આપણે તેના આધાર પર તર્ક દ્વારા આગળનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. દા.ત. - જો આપણે આ પ્રસિદ્ધ વ્યાપ્તિ 'જયાં જયાં ધુમ્ર હોય છે ત્યાં ત્યાં અવશ્ય આગ હોય છે' માં શ્રદ્ધા ન હોય તો આપણે આ આધાર પર કોઈ જ્ઞાન પ્રાપ્ત ન કરી શકીએ. આથી તર્ક માટે શ્રદ્ધા જરુરી છે અને શ્રદ્ધા પણ તર્કના સહારે અવસ્થિત થાય છે. જ્યારે આપણને કોઈ મનુષ્યમાં કે તેના કોઈ ગ્રંથમાં શ્રદ્ધા હોય તો અસલમાં પહેલા આપણું મન તર્ક કરે છે કે આવા મનુષ્યની કે તેના આ ગ્રંથની વાતો સાચી છે કે કેમ ? પ્રત્યેક મનુષ્યની વાતો કે તેના ગ્રંથો સત્ય હોતાં નથી. આપણી કયાંક શ્રદ્ધા જામે છે તે પહેલાં આપણો તર્ક કામ કરી ચૂક્યો હોય છે. આમ તર્ક અને શ્રદ્ધાનો અત્યન્ત ગાઢ સંબંધ છે. જેનામાં જેટલી વધુ શ્રદ્ધા, તેટલો તે ખૂબ સારો તર્ક કરી શકશે અને બરાબર સત્યને પ્રાપ્ત કરી શકશે.

જરા ઋષિ-બોધની ઘટના પર વિચાર કરો. બાળક મૂળશંકરના રુપમાં વિદ્યમાન તે ભાવી ઋષિએ તે રાત્રે બેશક ખૂબ તર્ક કર્યો કે જે પોતાના શરીર ઉપર ફરતા ઉંદરને હટાવી નથી શકતો, તે શિવ હોઈ ન શકે. આપણને તો તેમનો આ તર્ક જ દેખાય છે. તેમની આધારભૂત ગહન શ્રદ્ધા આપણને પ્રતીત થતી નથી, ત્યાં સુધી આપણી દૃષ્ટિ જ પહોંચતી નથી. તે મહાન બાળકને ખબર પડી કે તે શિવરાત્રીના દિવસે ઉપવાસ કરવો જોઈએ. તેથી તેમણે માતા દ્વારા રોક લગાવવા છતાં શ્રદ્ધાવશ ઉપવાસ કર્યો. તેને તો વડીલો દ્વારા ખબર પડી હતી કે શિવરાત્રીનું જાગરણ તો કરવું જ જોઈએ, બસ તેમણે જાગરણ વ્રત રાખી રાત્રિભર આંખો પર પાણી છાંટી-છાંટીને વ્રતને પાળ્યું.

તે નાના બાળકની આ જ શ્રદ્ધા અનુભવ કરવાયોગ્ય છે. આ શ્રદ્ધાનું ફળ એ હતું કે તે એવો તર્ક કરી શક્યો કે જે પાછળના સહસ્ત્રોની આંખો ખોલનારો બન્યો. શ્રદ્ધામયી મૂળશંકર શિવમંદિરમાં સતત જાગતો રહ્યો. ભલેને હજારો લોકોએ અનેકવાર શિવમૂર્તિ પર ઉંદરો ફરતા જોયા હશે, પરંતુ તેઓ મૂળશંકર જેવો તર્ક કરી ન શક્યા. આનું કારણ એ જ છે કે વિના શ્રદ્ધાએ તર્ક કરી જ ન શકાય. અસલમાં તાર્કિક એ જ છે, જે શ્રદ્ધાળુ છે. અશ્રદ્ધાળુઓના તર્ક પ્રાયઃ કુતર્ક હોય છે તેથી તેઓ સત્ય સુધી પહોંચી શકતા નથી, અહીં-તહીં ભટક્યા કરે છે.

**વેદવાણી**

**- આચાર્ય અભયદેવ વેદાલંકાર**

આથી ભગવાન વ્યાસજીએ લખ્યું છે'तर्काप्रतिष्ठानात्'. જો આપણે બધી વાત તર્કથી જ નિશ્ચિત કરતા રહીએ તો આપણે કોઈ નાની ક્રિયા પણ પૂરી કરી ન શકીએ. પરંતુ મનુષ્ય સ્વભાવતઃ મોટાભાગની વાતો વિના તર્કથી માની લે છે. '**श्रद्धामयोऽयं पुरुषः**'. આપણા ત્રણ ચતુર્થાંશ કામો તો શ્રદ્ધાના બળથી થાય છે. જો આપણે પ્રત્યેક કાર્ય તર્કના બળ પર કરીએ તો જીવવું મુશ્કેલ બની જાય. દરેક વસ્તુ તર્ક દ્વારા જાણી શકાતી નથી, આથી જ શબ્દ પ્રમાણની જરુર હોય છે. આપણે બૌદ્ધોની જેમ પ્રત્યક્ષ અને અનુમાનથી કામ લેવાનું નથી, પરંતુ અનુભવી પુરુષોની, આપ્તજનોની વાત માનવી આવશ્યક અને પ્રમાણિક બને છે. આવી અવસ્થામાં સત્ય જાણવાનો અન્ય કોઈ રસ્તો નથી. જો દર્શનથી અનુમિત વસ્તુઓને પણ હું માની ન લઉં તો હું કેવળ પોતાની જાતને જ્ઞાનથી વંચિત રાખીશ અને નુકશાન ઉઠાવીશ. આપણે બધા અનેક બાબતો વિષે આંધળા છે. જે ઉચ્ચ અવસ્થાઓને આપણે પ્રાપ્ત કરી નથી, તો ત્યાંના સત્યોને આપણે જાણી શકતા નથી. આથી, આ ઉચ્ચ સ્થિતિને પ્રાપ્ત કોઈ આપ્ત પુરુષ હોય કે તેઓના વચન હોય તો તેના પર આપણે શ્રદ્ધા મૂકવી જોઈએ, અહીં તર્ક કરવો વૃથા છે. જો આપણે તેઓની વાત માની નહીં લઈએ તો નુકશાન આપણું છે. આથી જ ઋષિ, મુનિ, મહાત્માઓ પર શ્રદ્ધા કરવી જોઈએ. વેદ પર શ્રદ્ધા કરવી જોઈએ. આપ્ત પુરુષોની ઘણી વાતો પૂર્ણ રીતે સમજમાં ન આવે તો પણ થોડાક સમય માટે શ્રદ્ધાપૂર્વક આચરણ કરતા તેને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. એ વાત વ્યર્થ છે કે આપણે તર્કથી આ વાત સમજમાં ન આવી. ત્યાં શ્રદ્ધા જ તર્ક છે. એક વાર્તા છે કે કુવામાં એક દેડકાની પાસે સમુદ્રનો દેડકો આવ્યો. સમુદ્રના દેડકાએ કહ્યું કે સમુદ્ર તો ખૂબ મોટો હોય છે. પાસે પડેલ પથ્થર તરફ ઈશારો કરતા કૂપમંડૂકે પૂછ્યું કે શું આનાથી પણ મોટો છે ? તેણે કહ્યું 'અરે, આ પથ્થર તો શું, આ કુવાથી પણ ઘણો મોટો હોય છે.' આથી કુવાના દેડકાને ખૂબ ગુસ્સો આવ્યો અને કહ્યું 'હટ જુઠ્ઠા, અહીંથી ચાલ્યો જા. આનાથી મોટી વસ્તુ દુનિયામાં છે જ નહિ.' તે બિચારા કૂપમંડુકે કુવા સિવાય કોઈ અન્ય વસ્તુ જોઈ જ નથી. તો તે કેવી રીતે માની શકે કે કુવાથી પણ મોટી કોઈ વસ્તુ છે ? આ જ હાલત આપણા બધાની છે. કેટલીક વાર ખરેખર સૂક્ષ્મ સત્ય પ્રકાશિત કરવામાં આવે તો આપણને ક્રોધ આવી જાય છે. વાસ્તવમાં તો આપણે તેમાં શ્રદ્ધા મૂકવી જોઈએ. આમ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શ્રદ્ધા અને શબ્દ પ્રમાણની આવશ્યકતા હોય છે.

**તર્ક અને શ્રદ્ધાનો અત્યંત ગાઢ સંબંધ છે. જેનામાં જેટલી વધુ શ્રદ્ધા, તેટલો તે વધુ સારો તર્ક કરી શકશે અને તે જ યથાર્થમાં સત્યને પ્રાપ્ત કરી શકશે.**

સત્યમાં શ્રદ્ધા મૂકવાથી મોટું બળ પ્રાપ્ત થાય છે. શ્રદ્ધાના બળ પર જ આપણે દુનિયામાં જામી જઈએ છીએ. સદાય તર્ક કરવાથી આપણે સંશયિત અવસ્થામાં રહીશું. આથી આપણને જે વસ્તુનું જ્ઞાન થઈ જાય તે સત્ય છે, તેના ઉપર શ્રદ્ધા કરીએ, તેના પર દૃઢ વિશ્વાસ જમાવીએ. જો કોઈ સત્ય પર આપણી શ્રદ્ધા દૃઢ થઈ જાય તો આપણામાં ખૂબ બળ પ્રગટ થશે જેનાથી આપણે જ આશ્ચર્યચક્તિ થઈ જઈશું. બધા મહાપુરુષોએ દુનિયાની કોઈ એક સચ્ચાઈમાં અગાધ વિશ્વાસ રાખવાને કારણે જ મહાપુરુષ બની ગયા. ઋષિ દયાનંદને સત્ય પર શ્રદ્ધા હતી, પરમાત્મા પર અટલ શ્રદ્ધા હતી તેથી જ તેઓ પરમાત્માને સદાય પોતાની સાથે અનુભવ કરતા હતા અને સત્યનો પ્રચાર નિડરતાથી કરતા હતા. આથી જ તેઓ આટલા બળવાન, નિર્ભિક, પ્રતાપી હતા. જો આપણામાં પૂવજન્મ બાબતે વિશ્વાસ થઈ જાય, આત્માની અમરતામાં વિશ્વાસ બેસી જાય, કર્મોના અટલ ફળમાં વિશ્વાસ થઈ જાય, સત્યની સદાય જય થવામાં વિશ્વાસ બેસી જાય, તપની શક્તિમાં વિશ્વાસ બેસી જાય, અરે આમાંથી કોઈ એક વાત પર પણ પૂર્ણ શ્રદ્ધા બેસી જાય તો આપણે અસાધારણ પુરુષ બન્યા વિના રહી ન શકીએ. શ્રદ્ધામાં આટલું વિશાળ બળ હોય છે. શ્રદ્ધાથી વિપરિત છે અવિશ્વાસ, સંશયાત્મા. યોગીરાજ કૃષ્ણએ પણ કહ્યું છે 'संशयात्मा विनश्यति' સંશયી સ્વભાવ પુરુષનો નાશ કરે છે. આપણી કોઈપણ સત્યમાં દૃઢ શ્રદ્ધા ન હોવાને કારણે દરેક બાબતે શંકિત રહીએ છીએ 'ન જાણે આમાં શું થશે, આનું પરિણામ સારું મળશે કે કેમ ?' આપણા બધા કામો સંશયાત્માથી કરવામાં આવતા હોવાથી નિર્બળ હોય છે, તેનું કોઈ પૂર્ણ ફળ પ્રાપ્ત થતું નથી. આથી વેદ ભગવાને કહ્યું છે - **श्रद्धया विन्दते वसु ।**

સફળતા શ્રદ્ધાથી મળે છે. પરમાત્માની ભિન્ન-ભિન્ન શક્તિઓમાં વિશ્વાસ જ 'દેવતાઓમાં વિશ્વાસ' છે. જેનો જેટલા મોટા સત્યમાં વિશ્વાસ તેટલું તેનામાં અધિક બળ પ્રગટ થશે. જયાં સુધી મનુષ્ય શ્રદ્ધામય અને નિઃસંશયાવસ્થામાં રહે છે ત્યાં સુધી તે અતિવેગ અને શક્તિથી કામ કરે છે. શ્રદ્ધાવાન બનો. શ્રદ્ધા જમાવવાનો સરળ ઉપાય છે કે આપણે દિવસ દરમ્યાન જે કંઈ કામ કરીએ શ્રદ્ધાસહ કરીએ, અવશ્ય આનું ઉચિત ફળ મળશે જ તેવા વિશ્વાસની સાથે કરીએ. કદી શ્રદ્ધાવિહિન, સંદેહયુક્ત કે નિષ્ફળ સમજી અપ્રસન્ન મનથી કોઈ કામ ન કરીએ. દરેક કાર્યનો 'વસુ' તો શ્રદ્ધાથી જ પ્રાપ્ત થાય છે. શ્રદ્ધાથી કરેલ કર્મ અધિક લાભ આપનારું બની રહે છે. સન્ધ્યા શ્રદ્ધાથી કરો, વ્યાયામ શ્રદ્ધાથી કરો, શયન શ્રદ્ધાથી કરો, પ્રત્યેક કાર્ય શ્રદ્ધાથી કરો. ૨૪ કલાક દરમ્યાન આપણી અંદર શ્રદ્ધાનું રાજ રહે. આમ થશે તો જ ઉપરોકત વેદોક્ત પ્રાર્થનામાં સૂર પુરાવી શકીશું કે પ્રાતઃ, સાયં, દિનભર આપણે શ્રદ્ધામાં રહીએ. સદાય શ્રદ્ધાનું આહ્‌વાન કરીએ. હે શ્રદ્ધામયી માતા ! અમને સદાય શ્રદ્ધાયુક્ત કર. જો આ પ્રકારનું શ્રદ્ધામય જીવન બનાવીશું તો શ્રદ્ધામૂર્તિ દયાનંદના શિષ્યો પર 'આર્યસમાજના લોકો સાધારણતઃ અશ્રદ્ધાળું હોય છે ' લાગેલું લાંછન ભૂંસી શકીશું.

# આમળાં આંખોનું તેજ વધારનાર છે

**અમૃત ફળ - આમળાં**

વૈદિક કાળથી જ આમળાનોં પ્રચૂર માત્રામાં ઉપયોગ થતો આવ્યો છે. આયુર્વેદે આમળાંને શ્રેષ્ઠ માન્યા છે. આમળાં કોઈ પણ ઋતુ, પ્રકૃત્તિ, દેશ કાળ અને વય માટે પથ્ય જ છે.

આમળાં બે પ્રકારનાં હોય છે. એક ધોળા આમળાં અને બીજા રાન આમળાં (જંગલી આમળાં). આમળાંનો છૂંદો, મુરબ્બો અને અવલેહ બને છે. ગુજરાતમાં ખેડા, ડાંગ અને સૌરાષ્ટ્રમાં આમળાં સારા થાય છે. બનારસ અને કરીકાર તરફ ગુજરાત કરતાં પણ સારા અમળાં થાય છે.

આમળાં શીત્તવીર્ય હોવાથી તે લોહીમાં વધેલી ઉષ્ણતા ઓછી કરે છે, લોહીને શુદ્ધ કરે છે. સામાન્ય રીતે ખાટાં પદાર્થથી પિત્ત વધે છે. પરંતુ આમળાં ખાટાં હોવા છતાં તેનો વિપાક મધુર છે. તેથી તે પિત્ત બેસાડે છે. ટુંકમાં આમળાં ખાટાં, મધુર રસવાળા, કડવા, તૂરા અને સારક છે.

**આમળાંનો ઘરગથ્થુ ઉપચાર :** તાજા પાકાં મોટા આમળાંને લઈ તેના નાના ટૂકડા કરી, વરાળથી બાફી અને ખાંડ ડૂબે તેટલું પાણી નાંખી ત્રણ તારી ચાસણી બનાવી અને તેને અઠવાડિયા સુધી ડુબાડી રાખવાથી તેનો મુરબ્બો બને છે. આમળાંમાંથી ચ્યવનપ્રાશ પણ બને છે. એવું કહેવાય છે કે ચ્યવન નામના ઋષિએ આમળાંમાંથી બનાવેલ ઔષધિ (ચ્યવન- પ્રશાવલેહ)નું સેવન કરીને લાંબો સમય સુધી જુવાની ટકાવી રાખી હતી. વળી હરડે, બહેડાં અને આમળાં એ ત્રણે ફળોને સરખે ભાગે લઈ ભેગાં કરવામાં આવે તો "ત્રિફળા" બને છે. ત્રિફળા કફ અને પિત્તને હણે છે. પ્રમેહ તથા કોઢને મટાડે છે, ઝાડો ઉતારે છે, અગ્નિને પ્રદિપ્ત કરે છે. આમ આમળાં એ બહુ ઉપયોગી ફળ છે.

**પાચન આમળાં :** આથેલા આમળાંના ટુકડા કરી તેમાં સંચળ, જીરુ અને મરીનો ભૂકો લીંબુના રસમાં ભેળવીને આમળાંના ટુકડા તે રસમાં નાંખી તેની સૂકવણી કરી તેને મુખવાસના ઉપયોગમાં લઈ શકાય છે.

**આમળાંની ગોળીઓ :** સારા આમળાંને થોડા બાફી તેને બારીક વાટવાં. પછી તેમાં જીરૂં, મરી, લીંડીપીપર, સૂંઠ, ધાણા, તજ, સિંધવ, સંચળ, હરડાં અને મીઠું એ બધાંને બારીક વાટી નાખવા અને તેની ગોળીઓ કરી સૂકવવી. આ ગોળીઓ ઘણી રૂચિકર અને પાચક છે.

> **ત્રણ લીંબુમાંથી જેટલું વિટામીન "સી મળે છે તેટલું જ વિટામીન 'સી' એક જ આમળામાંથી મળે છે.**

> **વૈજ્ઞાનિક મત પ્રમાણે આમળાંમાં વિટામીન 'સી' પુષ્કળ પ્રમાણમાં છે. નારંગી અને મોસંબી કરતાં વીસ ગણું વિટામીન 'સી' આમળાંમાં રહેલું છે.**

આમળાં કેશ માટે પણ લાભકારક છે. આમળાંના પાવડરનો લેપ બનાવી માથામાં નાખવાથી વાળ કાળા, લાંબા અને ચમકદાર બને છે. મોઢા પર ખીલના ડાઘ પર આમળાં, હળદર અને ગુલાબજળનું મિશ્રણ કરી લાંબા સમય સુધી લગાવવાથી ડાઘ દૂર થાય છે. આમળાં આંખોનું તેજ વધારનાર છે.

**ધાત્ર્યાસવ :** લીલાં આમળાં નંગ ૨૦૦૦નો રસ કાઢી તેમાં ૧/૮ મધ, સાકર ૨૦૦ તોલા, પીપરનું ચુર્ણ ૮ તોલા આ બધાંને માટીના વાસણમાં ભરી તેનું મુખ બંધ કરી અનાજના ઢગલાંમાં ૧૫ દિવસ રાખી તેને ગાળી લેવું. ૨ થી ૪ તોલા માત્રામાં તેને લેવાથી કમળો, પાંડુ, હૃદયરોગ, વાતરક્ત, વિષમ જ્વર, શ્વાસ અને અરુચિ મટે છે.

દરેક વ્યકિતએ દિવસમાં ઓછામાં ઓછા બે આમળાંનું સેવન કરવું જોઈએ. આયુર્વેદમાં પણ ભોજનના આરંભમાં, મધ્યમાં તથા અંતમાં આમળાંનો નિત્ય ઉપયોગ કરવાનું વિધાન જોવા મળે છે. આમળાં અમૃત સરખા ગુણો ધરાવતાં હોવાથી "અમૃતફળ" તથા માણસોને માતા સમાન ઉપકારી હોવાથી "ધાત્રીફળ" કહેવાય છે.

વૈજ્ઞાનિક મત પ્રમાણે આમળાંમાં વિટામીન 'સી' પુષ્કળ પ્રમાણમાં છે. નારંગી અને મોસંબી કરતાં વીસ ગણું વિટામીન 'સી' આમળાં રહેલું છે. ત્રણ લીંબુમાંથી જેટલું વિટામીન 'સી' મળે છે તેટલું વિટામીન 'સી' એક જ આમળામાંથી મળે છે. આમ, આમળાંમાં વિટામીન 'સી' ભરપૂર પ્રમાણમાં રહેલું હોવાથી વિટામીનની કૃત્રિમ દવાઓ ખાવા કરતાં કુદરતી વિટામીન 'સી' પુરુ પાડનાર આમળાં વધારે ઉપયોગી છે.

**ઉપદેશ કથા**

# હળી મળીને રહો, વહેંચીને ખાઓ

એક ચેલો હતો. તેણે પોતાના ગુરુને પુછ્યું : મહારાજ! સંસારમાં રહેવાની રીત કઈ છે. ગુરુએ કહ્યું : "તેં સરસ પ્રશ્ન પૂછ્યો છે. એક બે દિવસમાં જવાબ આપીશ." બીજા દિવસે ગુરુજીની પાસે એક ભાઈ થોડા ફળ અને મીઠાઈ લઈને આવ્યો. બધી વસ્તુઓ સંતની સામે મૂકીને પ્રણામ કર્યા અને તેમની પાસે બેસી ગયો. મહાત્માએ તેની સાથે વાત પણ કરી નહી. પીઠ ફેરવીને બધા ફળો ખાઈ ગયા. મીઠાઈ પણ ખાઈ ગયા. તે ભાઈ વિચારવા લાગ્યો આ વિચિત્ર સાધુ છે. બધી વસ્તુઓ તો ખાઈ ગયો. પરંતુ આ બધી વસ્તુઓ લાવનાર તરફ જોતો પણ નથી."

છેલ્લે તે ગુસ્સે થઈને ઉભો થઈને જતો રહ્યો. તેના ગયા પછી મહાત્માએ પૂછ્યું : કેમ ભાઈ! તે ભાઈ શું કહેતો હતો?" શિષ્યે કહ્યું : મહારાજ! એ તો ગુસ્સામાં હતો. કહેતો હતો મારી વસ્તુઓ તો ખાઈ ગયો, પરંતુ મારી સાથે વાત પણ કરી નહિ."

મહાત્માએ કહ્યું : તો સાંભળ! સંસારમાં રહેવાની આ રીત બરાબર નથી. કોઈ બીજી રીત વિચારવી જોઈએ." થોડી વાર પછી બીજો ભાઈ આવ્યો. તે પણ ફળ અને મીઠાઈ લાવ્યો હતો. ફળ અને મીઠાઈ સાધુ આગળ મૂકીને બેસી ગયો. સાધુએ ફળ અને મીઠાઈ પાસેની ગલીમાં ફેંકી દીધી. અને તે ભાઈ સાથે પ્રેમ અને સન્માનથી વાતો કરવા લાગ્યા. કહો ભાઈ! કેમ છો? પરિવાર કુશળ છે? ધંધો તો બરાબર ચાલે છે ને? બાળકો કુશળ છે? ભણે છે ને? સારું કરો છો? તેમને બરાબર ભણાવો. તમારું શરીર તો સારું છે ને? મન પ્રસન્ન રહે છે ને? ભગવાનનું ભજન કરો છો ને? શરીર સારું હોય, ચિત્ત પ્રસન્ન હોય અને પ્રભુના ભજનમાં મન સ્થિર થાય, તો પછી મનુષ્યને બીજું શું જોઈએ?"

આવી રીતે મીઠી મીઠી વાતો કરતા રહ્યાં અને સામેવાળા ભાઈ મનમાં મૂંઝાતા રહ્યાં : આ વિચિત્ર સાધુ છે! મારી સાથે તો મીઠી મીઠી વાતો કરે છે. પરંતુ મારી લાવેલી વસ્તુઓનું અપમાન કર્યુ છે, એવી રીતે ફેંકી દીધી, જાણે કે ઝેર ન હોય !"

તે પણ જતો રહ્યો. તો મહાત્માએ ચેલાને પૂછ્યું : આ ભાઈ તો પ્રસન્ન હતા કે નહિ?" શિષ્યે કહ્યું : નહિ મહારાજ! એ તો પહેલા ભાઈ કરતાં પણ વધારે ગુસ્સામાં હતો. કહેતો હતો : મારી વસ્તુઓનું અપમાન કર્યું છે. મહાત્માએ કહ્યું : તો ભાઈ સાંભળ, સંસારમાં રહેવાની આ પણ રીત નથી, કોઈ બીજી રીત શોધવી પડશે. તે વખતે જ એક સજ્જન આવ્યા. તે પણ ફળ અને મીઠાઈ લાવ્યા હતા. સાધુ આગળ મૂકીને બેસી ગયા. સાધુએ પણ ઘણા સ્નેહથી તેની સાથે વાતો કરી અને લાવેલી વસ્તુઓ આજુબાજુ બેઠેલા લોકોમાં વહેંચી. થોડી મીઠાઈ તે ભાઈને પણ આપી, થોડી પોતે પણ ખાધી, તેના કુટુંબ વિષે પુછ્યું અને સરસ વાર્તાઓ પણ કહી જ્યારે તે સજ્જન ગયા તો મહાત્માએ પૂછ્યું : કેમ ભાઈ! આ સજ્જન શું કહેતા હતા ?" શિષ્યે કહ્યું : મહારાજ! એ તો ખૂબ જ પ્રસન્ન હતો. તમારી ઘણી પ્રશંસા કરતો હતો. કહેતો હતો આવા સાધુને મળીને પ્રસન્ન થયો છું. મહાત્મા બોલ્યા : તો બેટા! સાંભળો! સંસારમાં રહેવાની યોગ્ય રીત આ છે."

સંસારમાં રહેવાની યોગ્ય રીત એ છે કે પ્રભુએ જે કંઈ આપ્યું છે, તેને વહેંચીને ખાઓ. ત્યાગની ભાવનાથી ભોગવો, અને સાથે સાથે ભગવાન સાથે પણ પ્રેમભાવ રાખો, તેની સાથે વાતો કરો, તેના નામનો જાપ કરો, તેનું ધ્યાન ધરો.

# જો પુરુષ બીજું લગ્ન કરી શકે તો સ્ત્રીને આવાં અધિકારથી વંચિત શા માટે રાખવામાં આવે ?




### વિધવા-વિવાહ

આર્યસમાજ વિધવા-વિવાહનો સમર્થક રહ્યો છે. કેવળ સમર્થક જ નહિ, બલ્કે વિધવા-વિવાહ કરવાની પ્રેરણા પણ કરતો રહ્યો છે. વિધવા-વિવાહનો નિષેધ કરવો એ આર્યસમાજની દૃષ્ટિએ મોટી સામાજિક કુરીતિ છે. આજના યુગની પ્રચલિત માન્યતાઓને લીધે દેશમાં રહેલી વિધવા સ્ત્રીઓની સંખ્યા અને તેમની સાથે કરવામાં આવતા દુર્વ્યવહારો તેમ જ અનાચારોને જોઈને, આર્યસમાજે વિધવા-વિવાહને એક પ્રકારનો આપદ્ધર્મ માનીને પૂરી તાકાતથી આ રોગના નિવારણ માટે પ્રયત્નો કર્યા છે.

ભ્રૂણહત્યાઓના દોષથી બચવા માટે વિધવા-વિવાહની વ્યવસ્થા એક માર્ગ છે, જેને આર્યસમાજ પ્રશસ્ત કરવા ઈચ્છે છે. વિધવા-વિવાહના સમર્થનમાં એક સૌથી મોટો તર્ક લોકો સમક્ષ એ મૂક્યો કે જે ધર્મગ્રંથોમાં પુરુષો માટે પુનર્વિવાહ કરવાની આજ્ઞા છે, એ જ ધર્મગ્રંથોના એ જ પૃષ્ઠ પર સ્ત્રીઓને પણ પુનર્વિવાહ કરવાની આજ્ઞા આપવામાં આવી છે. આમ પુનર્વિવાહની આજ્ઞા અથવા નિષેધ સ્ત્રી-પુરુષ બંનેને એકસમાન રીતે લાગુ પડે છે. મહર્ષિ દયાનંદે પૂના-પ્રવચનમાં કહ્યું હતું -

● "જ્યારે પુરુષોને પુનર્વિવાહ કરવાની આજ્ઞા આપવામાં આવે છે તો સ્ત્રીઓને પુનર્વિવાહ કરવાથી શા માટે રોકવામાં આવે છે." (પૂના-પ્રવચન)

● "વિધવા સ્ત્રીનો પુનર્વિવાહ થવો જોઈએ અને પુરુષે પોતાની સ્ત્રીની હયાતીમાં બીજું લગ્ન નહિ કરવું જોઈએ. પરંતુ તેની મૃત્યુ પછી પુરુષને અધિકાર છે કે એ પુનર્વિવાહ કરવા ઈચ્છે તો કરે અથવા ન કરે. વિધવા સ્ત્રીને પણ આવો જ અધિકાર હોવો જોઈએ." (ઋષિના જીવનચરિત્રમાંથી, સહારનપુરમાં એક પ્રશ્નોત્તર)

ઋષિએ પુનર્વિવાહનો અધિકાર અને પ્રતિબંધ સ્ત્રીઓ અને પુરુષો બંને માટે એકસમાન રાખ્યો છે. જો પુરુષ બીજું લગ્ન કરી શકે છે તો સ્ત્રીને આવા અધિકારથી વંચિત શા માટે રાખવામાં આવે ? માટે પુનર્વિવાહ પર સ્ત્રી અને પુરુષ બંનેનો સમાન અધિકાર છે.

આથી આર્યસમાજે માનવતા અને સમાનતાના આધારે વિધવા-વિવાહને ખૂબ જ દૃઢતાથી સમર્થન આપ્યું છે.

### આંતરજાતીય લગ્ન

મહર્ષિ દયાનંદ પોતાના 'સત્યાર્થપ્રકાશ' નામના અમર ગ્રંથના દસમા સમુલ્લાસમાં ઐતિહાસિક પ્રમાણો પ્રસ્તુત કરતાં લખે છે :

"જુઓ ! કાબુલ, કંધાર, ઈરાન, અમેરિકા અને યુરોપ આદિ દેશોના રાજાઓની ગાંધારી, માદ્રી અને ઉલોપી આદિ સાથે આર્યાવર્તના રાજાઓ વિવાહ આદિ વ્યવહાર કરતા હતા. શકુનિ આદિ કૌરવ પાંડવોની સાથે ખાતાપીતા હતા. કોઈપણ તનો વિરોધ ન હતો, કારણ કે તે વખતે ભૂગોળમાં વેદોક્ત મત હતો. એ જ મતમાં સર્વની નિષ્ઠા હતી અને એકબીજાનાં સુખ-દુ:ખ અને હાનિ-લાભમાં પોતાનાં સુખ-દુ:ખ અને હાનિ-લાભ સમજતા હતા. તે વખતે ભૂગોળમાં સર્વત્ર સુખ હતું. આજકાલ તો અનેક મતવાળા હોવાથી અનેક પ્રકારનાં દૂ:ખ અને વિરોધ વધી પડ્યાં છે. એનું નિવારણ કરવું એ બુદ્ધિમાનોનું કામ છે."

અહીં મહર્ષિ આખા જગતની વાત કરીને યાદ અપાવે છે કે એ સમયે પરસ્પર રોટીબેટીનો વ્યવહાર થતો હતો, બધાનો એક જ વેદમત હતો, સુખ-દુ:ખ અને હાનિ-લાભમાં બધા ભાગીદાર થતા હતા. હવે અનેક જાતના મત-સંપ્રદાયો ફેલાવાથી દુ:ખ અને વિરોધમાં વૃદ્ધિ થઈ છે. ઋષિ દયાનંદનું આ ચિંતન પૂરા વિશ્વ માટે છે, પરંતુ આર્યાવર્તનો જ વિચાર કરીએ તો અહીં કહેવાતા હિંદુ સમાજમાં પણ અલગતાવાદી-વિઘટનકારી

## આર્યસમાજની માન્યતાઓ

લેખક : ગજાનંદ આર્ય (૧૩) અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

પ્રવૃત્તિઓ જોર પકડી રહી છે. સમાજમાં થતાં આવા વિઘટનને રોકવાનો એક ઉપાય પરસ્પર વિવાહ વગેરેનો વ્યવહાર છે. આજે ભાષા અને પ્રાદેશિકતાના નામે દેશ ખંડ-ખંડ થઈ રહ્યો છે, ત્યારે આંતરજાતીય વિવાહ જેવા વ્યવહારોથી દેશની એકતા મજબૂત થઈ શકે છે. આર્યસમાજ જેવા સંગઠને આવા સુધારાવાદી કાર્યનું નેતૃત્વ કરવાની જરૂર છે. આ અંગે ઋષિ દયાનંદના નિમ્ન વિચારો આપણું માર્ગદર્શન કરે છે -

● વિવાહ પુત્ર અને પુત્રીની મરજી પ્રમાણે જ થવો જોઈએ. જો મા-બાપ સંતાનોનો વિવાહ કરવા ધારે તો પણ સંતાનોની મરજી અને પ્રસન્નતા વગર ન કરે. (સત્યાર્થપ્રકાશ, સમુલ્લાસ-૪)

● ભલે પુત્ર-પુત્રી મરણપર્યંત કુંવારાં રહે, પરંતુ પરસ્પર વિરૂદ્ધ ગુણ, કર્મ અને સ્વભાવ ધરાવતા સાથે વિવાહ કદી ન કરવો જોઈએ. (સત્યાર્થપ્રકાશ, સમુલ્લાસ-૪)

● કન્યાનું નામ 'દુહિતા' એ કારણથી છે કે જેનો વિવાહ દૂર દેશમાં હોવાથી હિતકારી છે, સમીપમાં થવાથી નહીં. (સત્યાર્થપ્રકાશ, સમુલ્લાસ-૪)

● જ્યાં સુધી દૂરસ્થ એકબીજાના કુળ સાથે સંબંધ થતો નથી, ત્યાં સુધી શરીર આદિની પુષ્ટિ પણ પૂર્ણ રીતે થતી નથી. (સંસ્કારવિધિ, વિવાહ પ્રકરણ)

● વિવાહ પોતાના જ વર્ણમાં કરવો જોઈએ, પણ વર્ણવ્યવસ્થા ગુણકર્મોનુસાર હોવી જોઈએ, જન્મમાત્રથી નહીં. (સંસ્કારવિધિ, વિવાહ પ્રકરણ)

● જેમ બ્રહ્મચર્યમાં કન્યાનું બ્રહ્મચર્ય વેદોક્ત છે, તેમ જ સઘળા પુરુષોએ પણ બ્રહ્મચર્ય પાળી વિદ્યા ભણી પૂર્ણ યુવાન થઈ પરસ્પર પરીક્ષા કરીને જેની સાથે જેને વિવાહ કરવામાં પૂર્ણ પ્રીતિ હોય તેની સાથે વિવાહ કરવો ઉત્તમ છે. (સંસ્કારવિધિ, વિવાહ પ્રકરણ)

● વધૂ તથા વર એકબીજાનાં ગુણ, કર્મ તથા સ્વભાવની પરીક્ષા આ પ્રમાણે કરે : બંનેનું સમાન શીલત્વ, સમાન બુદ્ધિ, સમાન આચાર, સમાન રૂપાદિ ગુણ, અહિંસકતા, સત્ય, મધુર ભાષણ, કૃતજ્ઞતા, દયાળુતા, અહંકાર, મત્સર, ઈર્ષ્યા, કામ, ક્રોધનો ત્યાગ, નિર્લોભતા, દેશનો સુધાર, વિદ્યાગ્રહણ, સત્યોપદેશ કરવામાં નિર્ભયતા, ઉત્સાહ, કપટ, દ્યૂત, ચોરી, મદ્ય, માંસાહારાદિ દોષોનો ત્યાગ તથા ગૃહકાર્યોમાં અતિ ચતુરતા હોવી જોઈએ. (સંસ્કારવિધિ, વિવાહ પ્રકરણ)

● દુષ્ટાચરણવાળી સ્ત્રી હોય, તથાપિ આ સંસારમાં બધુ સ્ત્રીઓ પોતાના પતિઓના શુભગુણથી ઉત્કૃષ્ટ ગુણવાળી થઈ ગઈ છે, થાય છે અને થશે. માટે જો પુરુષ શ્રેષ્ઠ હોય તો સ્ત્રી શ્રેષ્ઠ, અને પુરુષ દુષ્ટ હોય તો સ્ત્રી દુષ્ટ થઈ જાય છે. એટલા માટે પુરુષોએ પહેલાં પોતે ઉત્તમ થઈને પછી સ્ત્રીને ઉત્તમ કરવાની કોશિશ કરવી જોઈએ. (સંસ્કારવિધિ, ગૃહાશ્રમ પ્રકરણ)

### ચાંલ્લો - દહેજ

**જ્ઞાતિભ્યો દ્રવિણં દત્ત્વા કન્યાયૈ ચૈવ શક્તિતઃ ।**
**કન્યાપ્રદાનં સ્વાચ્છન્દ્યાદાસુરો ધર્મ ઉચ્યતે ॥**

**- મનુસ્મૃતિ (3-3૧)**

**અર્થ :** વરનાં પરિવારજનોને અને કન્યાને યથાશક્તિ ધન આપી હોમ આદિ વિધિ દ્વારા કન્યા પ્રદાન કરવી એ 'આસુર' વિવાહ કહેવાય છે.

ઉપરનો શ્લોક મનુસ્મૃતિનો છે. મહર્ષિ મનુએ આઠ પ્રકારના વિવાહની વ્યાખ્યા આપી છે. આમાંના ચાર ઉત્તમ વિવાહ છે : બ્રાહ્મ, દૈવ, આર્ષ અને પ્રાજાપત્ય. બાકીના ચાર વિવાહ મનુજીની દૃષ્ટિએ દુષ્ટ અને નિંદનીય છે. આ ચાર નિકૃષ્ટ વિવાહ છે : આસુર, ગાંધર્વ, રાક્ષસ અને પૈશાચ. ઉપરના શ્લોકમાં આસુર વિવાહની પરિભાષા આપવામાં આવી છે. દહેજ કે ચાંલ્લાની પ્રથા આવા આસુર વિવાહનું લક્ષણ છે. કન્યાનાં મા-બાપ પાસેથી કન્યાની સાથે સાથે દહેજ અથવા ચાંલ્લાના નામે માલમતા પડાવવી એ આસુરી વૃત્તિ નહી તો બીજું શું છે ? અહીં એક વાત સ્પષ્ટ છે કે સ્વેચ્છાપૂર્વક કન્યાને જે કંઈ વસ્ત્ર, આભૂષણ આદિ આપવામાં આવે છે તેને તો ઠીક માનવામાં આવ્યું છે, જેમ કે,

**➩ વિવાહ પુત્ર અને પુત્રીની મરજી પ્રમાણે જ જવો જોઈએ. જો મા-બાપ સંતાનોનના વિવાહ કરવા ધારે તો પણ સંતાનોની મરજી અને પ્રસન્નતા વગર ન કરે.**

બ્રાહ્મ વિવાહની પરિભાષામાં કહેવામાં આવ્યું છે તેમ યોગ્ય, સુશીલ તથા વિદ્વાન પુરુષનો સત્કાર કરી કન્યાને વસ્ત્રાદિથી અલંકૃત કરી, સારા સારા ગૃહસ્થોને બોલાવી તેમની સન્મુખ તેને કન્યા આપવી તે બ્રાહ્મ વિવાહ કહેવાય છે. બીજો દૈવ વિવાહ છે, જેમાં વિદ્વાનોની ઉપસ્થિતિમાં વિદ્વાન પુરુષની સાથે વસ્ત્ર-આભૂષણથી સુશોભિત કન્યા આપવામાં આવે છે. બ્રાહ્મ અને દૈવ બંનેને ઉત્તમ વિવાહ માનવામાં આવે છે, અને બંનેમાં કન્યાને અલંકૃત કરવાનું વિધાન કરવામાં આવ્યું છે - અલંકૃતાં કન્યામ્. કંઈ પણ લેવડદેવડ કર્યા વગર કરવામાં આવતો વિવાહ 'પ્રાજાપત્ય' વિવાહ છે.

મહર્ષિ દયાનંદે સત્યાર્થપ્રકાશ અને સંસ્કારવિધિમાં મનુસ્મૃતિના આ પ્રકરણનો ખૂબ જ વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે. પાણિગ્રહણની વિધિમાં ક્યાંય ધન લેવાદેવાની કોઈ જ ચર્ચા નથી. કન્યાના મા-બાપ જ્યારે પોતાની કન્યાનો હાથ વરના હાથમાં સોંપે છે ત્યારે એક દૂઝણી ગાય આપવાની પ્રથા હતી. આ પ્રથાની અવગણના કરીને લોકોએ અનેક જાતની કુપ્રથાઓ ઊભી કરી સામાજિક વાતાવરણને દૂષિત કરી દીધું છે. જો સ્વામીજીની વાત પર ધ્યાન આપ્યું હોત તો આવી ચાંલ્લા અને દહેજની ઘોર કુપ્રથાઓ સમાજમાં ઊભી જ ન થઈ હોત.

આર્યસમાજ શરૂઆતથી જ સામાજિક અન્યાય વિરુદ્ધ સંઘર્ષશીલ છે. માટે આ દહેજરૂપી દૈત્યને નાથવાની જવાબદારી પણ વિશેષ કરીને આર્યસમાજ પર છે. દહેજના મહાદાનવે સમાજની સુખ-શાંતિનું અપહરણ કર્યું છે. ન જાણે કેટલી કળીઓ ખિલતાં પહેલાં જ મૂરઝાઈ ગઈ હશે ? ન જાણે રોજ કેટલી લતા, મધુ ને કુસુમ આ દહેજરૂપી દાનવના ખપ્પરમાં હોમાઈ જઈને આપણા સમાજના શુભચિંતકોની ચેતનાને ઢંઢોળી રહી છે, અને આપણી ન્યાયનિષ્ઠાને પડકારી રહી છે.

(ક્રમશ:)

## आवश्यक विचारवुं-बोलवुं-जोवुं-सांभळवुं आदि सर्व व्यवहार योगपथ पर आगळ वधवामां सहायक छे

## આવશ્યક વિચારવું-બોલવું-જોવું-સાંભળવું આદિ સર્વ વ્યવહાર યોગપથ પર આગળ વધવામાં સહાયક છે

**વ્યવહાર**

૦૧. શુદ્ધ વ્યવહાર અર્થાત મનથી સારું વિચારવું-સમજવું, વાણીથી મધુર, શુદ્ધ, પ્રિય, સત્ય, કોમળ બોલવું અને શુદ્ધ નિષ્કામ કર્મ કરવું. - આ સર્વ એટલા માટે કરવું કે લોકો મને સારો મનુષ્ય સમજશે, મન-સન્માન થશે, એવી ભાવના યોગમાં બાધક છે, બલ્કિ એટલા માટે કરવું કે આ અમારો ધર્મ છે, કર્તવ્ય છે, ઈશ્વરનો આદેશ છે અને તેમાં જીવનની સફળતા છે.

૦૨. અભ્યાસ વગર કોઈ પણ કાર્ય સારું થતું નથી કારણ કે, તે વિષયના સંસ્કાર થોડા હોય છે અથવા નથી હોતા. તેથી સત્ય વ્યવહાર શીખવો હોય તો ઘણો પુરુષાર્થ, તપ, શ્રદ્ધાપૂર્વક તેનો અભ્યાસ કરો. તેનાથી એ વિષયના સંસ્કાર બનશે અને પછી તે વ્યવહાર જીવનનું એક અંગ બની જશે. એ જ રીતે સમસ્ત કાર્યોમાં સમજવી જોઈએ.

## સત્યોપદેશ

ઉપદેશક - સ્વામી સત્યપતિજી
અનુ.- જયાબેન પોરિયા (યુકે) ૧૯



૦૩. જેમ આપણે પોતાની સ્વતંત્રતા ભંગ કરવા નથી ઈચ્છતા તેમ પોતાને આધીન, આશ્રીત અથવા કોઈની સ્વતંત્રતાનો ભંગ કરીને આગ્રહપૂર્વક પોતાની વાત મનાવવાની મનથી પણ ચેષ્ટા ન કરવી તે આત્મતુલ્ય વ્યવહારની. કારણ કે બીજાં પણ પોતાની સ્વતંત્રતા ભંગ કરવા ઈચ્છતા નથી.

૦૪. આવશ્યક વિચારવું-બોલવું-જોવું-સાંભળવું આદિ સર્વ વ્યવહાર યોગપથ પર આગળ વધવામાં સહાયક છે.

૦૫. આ માર્ગ પર આગળ વધવા માટે પુરાણું વ્યક્તિત્વ, પુરાણા વિચારો, માન્યતાઓ, સંસ્કારો વગેરેને મારીને નવો જન્મ લેવો પડે છે. સમસ્ત સાંસારિક વ્યાપારિક વૃત્તિઓને છોડવી પડે છે. જેમ બાળકના નવા-નવા સંસ્કારો બને છે તેમ આપણે પણ નવા આધ્યાત્મિક સંસ્કાર બનાવવા પડે છે. એક બાળકની જેમ મન-મસ્તિકમાં તીવ્ર અનુકરણની શક્તિ અને તેવા જ શુદ્ધ મન-મસ્તિક હોવાં જરૂરી છે. પુરાણા વ્યવહાર, ભાષા તથા માનસિકતાને મારી નાંખવા પડે છે અને એમ સમજવું પડે છે કે -હું એવા વ્યવહાર નહીં કરૂં અન્યથા આગળ નહીં વધી શકું. પહેલાં એટલી પાત્રતા બનાવવી, પછી યોગવિદ્યા આવશે.

(ક્રમશ:)

# यः प्राणतो निमिषतो महित्वैक इद्राजा जगतो बभूव।
# य ईशेऽअस्य द्विपदश्चतुष्पदः कस्मै देवाय हविषा विधेम॥

(यजु. अ.२३/मं.३)

**पदार्थ (१) :-**

(**यः**) जो (**प्राणतः**) प्राण वाले और (**निमिषतः**) अप्राणिरूप (**जगतः**) जगत् का (**महित्वा**) अपनी अनन्त महिमा से (**एक इत्**) एक ही (**राजा**) विराजमान राजा (**बभूव**) है (**यः**) जो (**अस्य**) इस (**द्विपदः**) मनुष्यादि और (**चतुष्पदः**) गौ आदि प्राणियों के शरीर की (**ईशे**) रचना करता है, हम लोग उस (**कस्मै**) सुखस्वरूप (**देवाय**) सकलैश्वर्य के देने हारे परमात्मा के लिये (**हविषा**) अपनी सकल उत्तम सामग्री से (**विधेम**) विशेष भक्ति करें।

(स.वि.)

**पदार्थ (२) :-**

हे मनुष्यों ! जैसे हम लोग (**यः**) जो परमात्मा (**एकः**) एक अर्थात् अद्वितीय असहाय (**इत्**) ही (**महित्वा**) अपनी महिमा से (**निमिषतः**) नेत्रादि से चेष्टा को करते हुए (**प्राणतः**) प्राणी रूप संसार का राजा अधिष्ठाता है और जो (**अस्य**) इस (**द्विपदः**) दो पग वाले मनुष्य आदि और (**चतुष्पदः**) चार पग वाले गौ आदि पशु का (**ईशे**) निर्माता है उस (**कस्मै**) आनन्दस्वरूप (**देवाय**) अति मनोहर परमेश्वर की (**हविषा**) विशेष भक्ति भाव से (**विधेम**) सेवा करें वैसी ही भक्ति विशेष आपको करनी चाहिए।

(ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ.२३/मं.३)

**भावार्थ (१) :-**

यहाँ वाचक लुप्तोपमालंकार है। हे मनुष्यों ! जो एक ही सब जगत् का महाराजाधिराज अखिल जगत् का निर्माता सकल ऐश्वर्ययुक्त महात्मा न्यायाधीश है, उसी की उपासना से तुम सब धर्म, अर्थ, काम और मोक्ष के फलों को पाकर सन्तुष्ट होओ। (ऋ. दया. कृत यजुर्वेदभाष्य अ.२३/मं.३)

**टिप्पणी :-**

(क) जैसे कुम्हार मिट्टी से अनेक प्रकार के खिलौने, पात्रादि बनाता है, जैसे राज़ (भवन बनाने वाला) ईंट, रोड़ी, सीमेंट, लोहादि से भिन्न-भिन्न प्रकार के भवन बनाता है, ऐसे ही ईश्वर ने पृथिवी, जल, अग्नि, वायु व आकाश इन पाँच महाभूतों से भिन्न-भिन्न शरीर बनाये हैं व बना रहा है।

प्राणियों में मछलियों की विश्व में कम से कम २८,५०० प्रजातियाँ, सांपों की ५६०० प्रजातियाँ, चमगादड़ की १००० प्रजातियाँ, तारा मछलियों की १६०० प्रजातियाँ बताई जाती हैं। सापों में ७२५ प्रजातियों के पास विषदंत होते हैं व २५० प्रजातियाँ ऐसी हैं जो एक ही दंश में मनुष्यों को मार देने की क्षमता रखती हैं। इन प्रजातियों में जो परस्पर भेद है उसे ईश्वर ही पूर्णरूप से जानता है व इनके विविध शरीरों

## ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप

(१३) સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

को बनाने वाला है।

(ख) प्राणियों में कुछ वृक्ष भारी लकड़ी वाले, कुछ हल्की लकड़ी वाले, कुछ तेजी से बढ़ने वाले, कुछ मोटे तने वाले, कुछ पतले तने वाले, कुछ अधिक ऊँचे इत्यादि होते हैं। इनके बीजों का व इनका निर्माण ईश्वर करता है।

(ग) मनुष्य के शरीर में आमाशय की भीतरी दिवारों में करीब तीन करोड़ ग्रन्थियाँ बताई जाती हैं, जो जठररस का स्राव करती हैं। २४ घण्टे में ३ लिटर रस स्रवित होता है। जिसमें प्रमुख रूप से हाइड्रो क्लोरिक अम्ल होता है। इन ग्रन्थियों का व उनसे निकलने वाले स्राव का निर्माता ईश्वर है।

(घ) ईश्वर ने कुत्ता जाति में घ्राण व श्रोत्र इन्द्रिय के गोलक ऐसे बनाये हैं जिससे कि कुत्तों में सूँघने की शक्ति व सुनने का सामर्थ्य विशेष प्रबल होता है।

(ड.) ईश्वर ने स्तनधारियों में सामान्यतः स्वेदग्रन्थियाँ बनाई हैं, परन्तु कुत्ते इसका अपवाद हैं। उनके चमड़े में स्वेदग्रन्थियाँ नहीं बताई जाती। इसीलिये ये गर्मियों में जीभ बाहर निकाल कर रखते हैं।

(प) नेत्र का गोलक मृदु होता है। इसकी सुरक्षा के लिये ईश्वर ने इसे हड्डियों के आवरण के अन्दर स्थापित किया है जिससे दुर्घटनादि में इनकी सुरक्षा होती है। तथा पलकें भी नेत्रों को रक्षा प्रदान करती हैं। आँसू भी नेत्रपटल के ऊपर पड़े हुए धूलकणों को धो देते हैं।

(फ) उल्लू को दिन की अपेक्षा रात में अधिक स्पष्ट दिखाई देता है। इस विषय में कारण बताया जाता है कि -

(१) ईश्वर ने उसके नेत्रगोलक में लेन्स व रेटिना की दूरी अपेक्षा से अधिक रखी है जिससे बड़ा प्रतिबिम्ब बनता है।

(२) इसकी आँख में लाल रंग का एक पदार्थ (प्रोटीन) पाया जाता है जिससे रात के प्रकाश के लिये इसकी आँखे विशेष संवेदनशील हो जाती हैं।

(३) इसकी आँख की पुतलियों को ईश्वर ने ऐसा बनाया है कि वे अधिक फैल सकती हैं। जिससे कम से कम रोशनी भी इसकी आँख में जा सकती है।

(ब) ईश्वर दौ पैर वाले व चार पैर वाले शरीरों को ही नहीं अपितु सब प्रकार के शरीरों को बनाता है। मन्त्र में इस बात को समझाने के लिये दो पैर वाले व चार पैर वाले प्राणी उदाहरण के रूप में दिये हैं। शतपदी (कनखजूरा) जिसकी १६१ से १७७ जोड़ी टाँगे भी होती है, तथा सहस्रपदी जिसकी ३५५ जोड़ी टाँगे (अर्थात् ७१० पैर) भी होती हैं इनका रचयिता ईश्वर ही है।

(ट) अप्राणिरूप जगत् में खनिज, लवण, लोहा, सोना, चाँदी, ताँबा, जस्त आदि धातुओं का रचयिता परमात्मा है। मेवाड़ के चांगड़ा गाँव में जस्त की खान बतायी जाती है। चैनपुर गाँव में ताँबा निकलता है।

અગ્નિપથ

# ઈશ્વરને યથાર્થરૂપે જાણે પણ તદ્દનુસાર આચરણ ન કરે તો તે નાસ્તિક જ છે : આચાર્ય જ્ઞાનેશ્વરજી

આજે મનુષ્ય સર્વસુવિધાઓથી સંપન્ન હોવા છતાં દુ:ખી, પીડિત, રોગી, પરતંત્ર, ભયભીત, અશાંત, કંગાળ, દીનહીન શા માટે ? આજે કહેવાતો આસ્તિક, ધાર્મિક, ઈશ્વરભક્ત આટલો બધો વ્યથિત અને શોષિત કેમ છે ? કયા પ્રકારે ઈશ્વરભકત કાયર- ભીરુ- ડરપોક બન્યો રહે છે ?

સારાય વિશ્વમાં ફેલાયેલ અવ્યવસ્થા, અંધાધૂંધી, આતંકવાદ, અનાચાર, દુરાચાર, ભ્રષ્ટાચાર આદિનું મૂળ કારણ છે માનવમનમાં રહેલી નાસ્તિકતા. ઈશ્વરની સત્તાનો અસ્વીકાર કરનાર નાસ્તિક છે. ઈશ્વરના અસ્તિત્વને નકારનાર વ્યક્તિ કદાપિ શ્રેષ્ઠ બની શકે નહિ. આસ્તિક વ્યક્તિ જ સુખી, સ્વતંત્ર, નિર્ભીક અને પ્રશાંત બની શકે. હજારો દેવી-દેવતાઓને માનનાર આસ્તિક નથી. ટીલા-ટપકાં લગાવી રોજ મંદિરે જનાર આસ્તિક નથી. કપડા રંગનાર, ભભૂતિ લગાવનાર, અનેક દેવતાઓના ફોટા રાખી નિત્ય પૂજાપાઠ કરવાથી કોઈ આસ્તિક બની જતું નથી. ચોટી રાખી, માળા ફેરવી લગાતાર જપ કરનારને આસ્તિક ન કહેવાય. બાહ્ય ચિહ્ન ધાર્મિકતાના લક્ષણો નથી. ધાર્મિકતા તો અંદરથી પ્રગટે છે. દિવ્યગુણોનું સૌંદર્ય અને વિકાસ ધાર્મિકતા છે. જેની દિનચર્યા ઉત્તમ નથી, જેની નીતિ-રીતિ શ્રેષ્ઠ નથી, તે આસ્તિક હોઈ શકે નહીં. જે નીતિમત્તાપૂર્વક પુરુષાર્થ કરતો નથી તે આસ્તિક નથી, ઈશ્વરભકત નથી. માનવમસ્તિષ્કમાં રહેલી પરમાત્માના અસ્તિત્વનો અસ્વીકાર કરવાની ભ્રાન્ત ધારણા અનેક પાપકર્મો કરવા તરફ દોરી જાય છે.'યેનકેન પ્રકારેણ ખૂબ ધન એકત્ર કરો અને ખૂબ ભોગ ભોગવો' આ નાસ્તિક વ્યક્તિનું પ્રધાનલક્ષ્ય બની જાય છે. આસ્તિક વ્યક્તિ પુન:જન્મમાં માને છે, પરમાત્માની ન્યાયાવસ્થામાં શ્રદ્ધા રાખે છે આથી દુષ્ટ કર્મો કરવામાંથી બચે છે. શું આસ્તિક વ્યક્તિ માંસાહારી હોઈ શકે ખરો ? શું ઈશ્વરભક્ત શરાબી હોઈ શકે ખરો ? શું અન્યાય અને દુરાચાર કરનાર ધાર્મિક હોઈ શકે ખરો ? સંભવ નથી કે મનુષ્ય પરમાત્માની ઉપાસના કરતો હોય અને તે માંસાહારી, શરાબી કે દુરાચારી બન્યો રહે. નાસ્તિકતાના કારણે સંસારમાં અનેક યુદ્ધો ખેલાયા છે, અનેક લોહીની નદીઓ વહી છે. નાસ્તિકતા અત્યન્ત ખતરનાક છે, તેને દૂર કરવી જ રહી.

નાસ્તિક વ્યક્તિના ત્રણ પ્રકાર પાડી શકાય -

૧. પરમાત્માના અસ્તિત્વનો અસ્વીકાર કરનાર નાસ્તિક છે. વેદોની નિંદા કરનાર નાસ્તિક છે. આવા નાસ્તિકોનું જીવન અસ્તવ્યસ્ત પશુસમાન હોય છે. મનુષ્ય સિવાય અન્ય પ્રાણીઓમાં પણ જીવ હોય છે તેમ તે માનતો નથી. બધા પ્રાણી-પશુ-જંતુઓ કેવળ મનુષ્ય માટે જ છે તેમ માની તેનો તે બેલગામ ઉપભોગ કરે છે. તે જીભના ટેસ્ટ ખાતર અનેક જીવોની ગાજર મૂળાની જેમ બેધડક હિંસા આચરે છે. કોઈકે કહ્યું છે કે નાસ્તિક મનુષ્યએ આકાશમાં પતંગને, ભૂમિ પર ખાટલાને અને જળમાં હોડીને છોડી દીધા છે, બાકી બધા પશુપ્રાણી જગતને ઓહીયા કરી જાય છે. નાસ્તિકો જગતના અસ્તિત્વ પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી દે છે.

૨. કોઈ વ્યક્તિ ઈશ્વરના અસ્તિત્વને તો માને છે, પરંતુ ગલત સ્વરુપે માને છે આ પણ નાસ્તિક જ છે. પરમાત્માના સ્વરુપ વિષે ઉલટી માન્યતા ધરાવવી ખૂબ હાનિકારક છે. અબોલ નિર્દોષ પ્રાણીઓની બલિ ચઢાવવી ઈશ્વરવિષયક ગલત માન્યતાનું પરિણામ છે. અમુક કામ થઈ જાય તો હું આટલા રુપિયાનો થાળ ચઢાવીશ અથવા તો આ તીર્થસ્થાને પગપાળા પ્રવાસ કરીશ- આ પ્રકારની સોદાબાજી નાસ્તિક જ કરી શકે. વિપરીત વિચારધારાના કારણે લોકો આજે કેટલો બધો પાપાચાર કરે છે અને જગતમાં અનેક દુ:ખો-કષ્ટો ફેલાવે છે ! આજે સામાન્યજનની ધારણા બની ગઈ છે કે ગમે તેટલા પાપ કરો, અન્યાય કરો પછી ગંગામાં સ્નાન કરી લો, થોડુંક દાનપુણ્ય કરી લો, એકાદવાર હવન-હોમ કરાવી લો, સર્વ પાપો માફ થઈ જશે. આવી ખતરનાક વિચારસણીના કારણે કેટલો બધો ભ્રષ્ટાચાર અને અનાચાર દેશમાં ફેલાયો છે. મિથ્યા ધારણાને કારણે ઈશ્વર તરફથી મળતા લાભથી મનુષ્ય વંચિત રહી જાય છે. ઈશ્વર કદાપિ પાપ માફ કરતો નથી. તેની ન્યાયાવસ્થામાં પ્લસ-માઈનસ થતા નથી. સારાનરસા દરેક કર્મનું અલગ અલગ ફળ હોય છે. ઈશ્વરને એક સ્થાને માનવાથી લોકો કેટલા બધા પાપકર્મો કરવા દોરાય છે ? જે મનુષ્ય ઈશ્વરને યથાર્થ સ્વરુપે જાણે છે તે આસ્તિક છે.

૩. ઈશ્વરને યથાર્થરુપે જાણે, પરંતુ તદઅનુસાર આચરણ ન કરે તો તે નાસ્તિક જ છે. ધર્મ શું છે, ઈશ્વર શું છે, તેના લક્ષણો કયા છે ? બધું જાણે પરંતુ ઈશ્વરની આજ્ઞાનું અવધારણ ન કરે તો તે નાસ્તિક છે. વેદવર્ણિત જીવનયાપન ન કરનાર નાસ્તિક છે. ઋષિપ્રતિપાદિત જીવનશૈલી ઠુકરાવનાર નાસ્તિક છે. પરમાત્માની આજ્ઞાનો અનાદર કરનાર કદી પરમાત્માની કૃપાનો પાત્ર બની શકતો નથી. પરમાત્માના સ્વરુપને ઠીક ન જાણનાર ઘણીવાર અંતિમ સમયે ઉલટું કાર્ય કરી નાંખે છે, ઈશ્વરને ભૂલી જાય છે, પોતાના પરનું નિયંત્રણ ખોઈ બેસે છે. નાસ્તિક બન્યા રહેવું અપરાધ છે જેનું પરિણામ દુ:ખ જ હોય છે. આસ્તિક વ્યક્તિના વચનમાં અને કર્મમાં એકતા હોય છે.

જે પરમાત્માની સત્તાનો સ્વીકાર કરે છે, તેના સ્વરુપને યથાર્થરુપે સમજે છે અને તદ્અનુસાર પોતાની સાથે તેમજ અન્ય સાથે વ્યવહાર કરે છે અને કરેલ પ્રત્યેક કર્મ પરમાત્માને સમર્પિત કરી દે છે તે સાચો આસ્તિક છે, ધાર્મિક છે. ઈશ્વરભક્ત પ્રત્યેક ક્ષણ પોતાના મન-મસ્તિષ્ક-બુદ્ધિમાં સર્વશક્તિમાન નિરાકાર પરમાત્મા રમતો રાખે છે. ઈશ્વર હરપળ મને જોઈ રહ્યો છે, જાણી રહ્યો છે અને તદઅનુસાર ન્યાયાવસ્થા મુજબ મને અવશ્ય સુખ-દુ:ખરુપી ફળ આપશે જ તેમ માની આસ્તિક વ્યક્તિ વેદાનુકૂળ આચરણ કરે છે. ધાર્મિક મનુષ્યની વાણી, વિચાર અને વર્તનમાં સમાનતા હોય છે. તેના પ્રત્યેક કાર્યમાં પરમાત્માની વિદ્યમાનતા સ્ફૂરિત થતી હોય છે. આસ્તિક મનુષ્ય સારીય દુનિયા સાથે બાથ ભીડી લે છે, પરંતુ ઈશ્વરની આજ્ઞાનો અનાદર કદાપિ કરતો નથી. પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક કાર્ય તે સજાગતાથી આસક્તિરહિત કરી ઈશ્વરને સમર્પિત કરી દે છે.

આજે આર્યાવર્ત દેશ કેટલો કંગાળ અને ભિખારી બની ગયો છે! આજે દેશનો પ્રત્યેક બાળક રૂા. ૧૭,૦૦૦/- નું દેવું લઈને જન્મે છે. સર્વત્ર કેટલો બધો અંધેર અને દુરાવસ્થા છે? શું આજે આપણો દેશ સ્વતંત્ર છે! ભગવાનના નામે આજે કેટલા બધા વ્યભિચારો-પાપાચારો થઈ રહ્યાં છે ? ધર્મને આજે એક ધંધો બનાવી દીધો છે. કીર્તિ અને અંગત સ્વાર્થના કારણે ભક્તોની ભીડ ઉભી કરવામાં આવે છે. ચમત્કારોના નામે ભોળા લોકોને છેતરવામાં આવી રહ્યા છે. ઈશ્વરને ન માનવો એના કરતાં પણ ઈશ્વરને ગલત સ્વરુપે માનવો અતિખતરનાક છે. પોતાના અંગત સ્વાર્થ, લાલસા, કીર્તિ ત્યજી સાચા આસ્તિક બનવું હિતકારી છે. જે પરમાત્મા માટે સમય, શક્તિ, બુદ્ધિ લગાવતો નથી તે ઈશ્વરનો ગુન્હેગાર છે. ઈશ્વરની સત્તાને સ્વીકારી તેની છાયામાં રહેનાર આસ્તિક છે.

પરમાત્માનો સાક્ષાત્કાર બે પ્રકારે થતો હોય છે. એક સમાધિ દ્વારા પરમાત્મા પ્રત્યક્ષ થતો હોય છે અને બીજો શ્રેષ્ઠ કર્મો કરતી વેળાએ થતો હોય છે. પીડિત-નિરાધાર-દુ:ખી-જરુરતમંદ મનુષ્યને સહયોગ કરતી વેળાએ હૃદયમાં જે આનંદ અને સુખની અનુભૂતિ થતી હોય છે તે પોતાના તરફથી નહીં, ઈશ્વર તરફથી મળતી હોય છે, આને પરમાત્માના સાક્ષાત્કારનો અંશ અવશ્ય કહી શકાય. કોઈપણ કાર્ય કરતી વખતે, તે પહેલા અને કાર્ય પૂર્ણ થયા પછી મનમાં જે આનંદ, ઉત્સાહ,

**જે પરમાત્મા માટે સમય, શક્તિ, બુદ્ધિ, ધન લગાવતો નથી તે ઈશ્વરનો ગુનેગાર છે. ઈશ્વરની સત્તા સ્વીકારી તેની છાયામાં રહેનાર આસ્તિક છે.**

નિર્ભયતા અને પ્રસન્નતા ઉત્પન્ન થાય છે તે ધર્મ છે. ધર્મના આવા કાર્યને મનુષ્યએ અવશ્ય કરવાં જોઈએ કારણ કે આવા કાર્યમાં પરમાત્માની મહોર (સંમતિ) હોય છે. પરમાત્માનો આંશિક સાક્ષાત્કાર વેદના સ્વાધ્યાય સમયે થતો હોય છે, કારણ કે વેદ પરમાત્માની અમર દિવ્ય વાણી છે. આંતરિક અનુભૂતિ અને વેદની વાણી બંને વચ્ચે સાંમજસ્ય જળવાવું જોઈએ. આ બંનેની સામંજસતા આચરણ કરવા યોગ્ય છે તેમ નિશ્ચિતપણે જાણવું જોઈએ. સ્વાધ્યાય વિના મનુષ્ય ભટકી જાય છે. સ્વાધ્યાયથી મનુષ્ય ઉર્ધ્વતા તરફ પ્રયાણ કરે છે. સ્વાધ્યાય કરવાથી મનુષ્ય ખોટા કર્મો કરતાં ખચકાટ અનુભવે છે અને શ્રેષ્ઠતા તરફ ગતિ કરે છે. પ્રત્યેક મનુષ્યે એવા જ કર્મો કરવા જોઈએ જે સ્વાત્માને અનુકૂળ હોય. પોતાની સાથે કોઈ એવા કર્મો ન કરે જેનાથી પોતાને દુ:ખ થતું હોય, અન્યાય થતો હોય, આવા કર્મો અન્યો સાથે પોતે ન કરે આ જ ધર્મ છે. આ જ આસ્તિકતા છે. આંતરિક ગુણોનો વિકાસ આસ્તિકતાની નિશાની છે.

સુખ-દુ:ખ, અનુકૂળતા-પ્રતિકુળતામાં સમ રહેવું, બીજાની કમાણી પર અધિકાર ન કરવો, અન્ય સ્ત્રીને માતા- બહેન-બેટીસમાન ગણવી ધર્મના લક્ષણો છે. સાચી આસ્તિકતા, સાચી વિચારધારા, ઉત્કૃષ્ટ જીવનનું દિગ્દર્શન, વૈદિક ધર્મમાં નિહિત છે. દરેક મનુષ્યએ વેદધર્મને અપનાવવો જોઈએ. વેદપ્રચાર સર્વના કલ્યાણનો માર્ગ છે. વેદાદિ શાસ્ત્રોના આચરણ અને પ્રચાર દ્વારા મનુષ્ય સુખી, શાંત, પ્રસન્ન અને સ્વતંત્ર બની શકે છે. આ માટે યુવાધનની આવશ્યકતા હોય છે. ઈશ્વરની આજ્ઞાનુસાર આપણે આપણું જીવન ઉન્નત બનાવીએ અને અન્યોને પણ ઉપર ઉઠાવવા યત્નશીલ બનીએ તેવો સંકલ્પ લઈએ.

# આર્ય સમાજે પોતાના સુવર્ણ કાળને યાદ કરી ફરી આઝાદી માટે કમર કસવી જોઈએ

'સજ્જનોનો સાથ મળતો નથી અને દુર્જનોની દયા ઉપર ક્યાં સુધી જીવવું ? '

સ્વાતંત્ર્ય દિને કેવળ ધ્વજ વંદન કરવા માત્રથી, કોઈ દેશ ભક્ત બની જતો નથી. દેશભક્તિથી ભરપુર રાષ્ટ્ર ગીતો ગાવી કે બુલંદ નારાઓ બોલવાથી કોઈ રાટ્રભક્ત બની જતો નથી. ધ્વજવંદના કરતા લોકો દેશ 'નંદન' બને એ માટે પસીનો પણ પાડવો જોઈએ. દેશ ભક્તિના ગીતો ગાનારા લોકોએ દેશના દુ:ખી લોકોની ગાથાઓ પણ સાંભળવી જોઈએ.આજે આ દેશ આઝાદીના ૬૬ વર્ષ પહેલાની સ્થિતિથી પણ ખરાબ સ્થિતિમાં પસાર થઈ રહ્યો છે, ત્યારે આર્ય સમાજે પોતાના સુવર્ણ કાળને ફરી યાદ અને ફરી એક નવી આઝાદી માટે કમર કસવી જોઈએ.

મંદિરે જઈ દૂધ, ચડાવવું અને દુધાળું જીવન જીવવું એ બંનેમાં રાત-દિવસનો ફર્ક છે. વર્ષોથી મુંબઈમાં રહીને વેશ-ભૂષા-ભાષા વગેરે મુંબઈના અપનાવી લીધા પણ મુંબઈમાં વર્ષો સુધી રહેવા છતાં માનસિકતા (રીતી-રિવાજો) તો મારવાડના જ માનવા છે. આ છે નકલી ચહેરાઓનું અસલી સ્વરૂપ. આને ઓળખવા માટે આત્મચિંતન કરવું જરૂરી છે. વર્તમાન ભારતીય માનવસની એ નબળાઈ છે કે મુંબઈમાં રહે કે મોસ્કોમાં રહે કે પછી મોરેશ્યીસમાં રહે તે પોતાની માનસિકતા બદલી શકતો નથી.



**ચંદ્રેશ ચિંતન**

**- ચંદ્રેશ આર્ય - ગાંધીધામ (૩)**

બીજા દિવસે કૃષ્ણજન્મોત્સવ અષ્ટમીના સવારે પાંચ વાગ્યાના ક્રિયાત્મક ધ્યાન પ્રશિક્ષણની કક્ષામાં પણ તે દુ:ખી બહેન ધ્યાન શિખવા આવ્યા. ધ્યાનની કક્ષા પછી તેમણે કહ્યું કે, હું બ્રહ્માકુમારીમાં ધ્યાન કરવા જાઉં છું તમે જેમ ધ્યાન કરાવો છોલ તેવી જ રીતે ત્યાં પણ ધ્યાન થાય છે. પછી તેણી એ સીધો પ્રશ્ન કર્યો 'આપ આજ જા રહે હૈ ?' જાણે કોઈ સગો સ્નેહી સ્વજન ભાઈ-બહેનથી વિદાય લેતો હોય તેવા ભાવ તે બહેનના ચહેરા પર હતા. વેદનામાં દિવસો વિતાવતી નારીની મુખાકૃતિના ભાવો કઠણ કાળજાના માનવીને પણ માસૂમ કરવા મજબૂર કરે છે. કારણ કે, 'લોહીના સંબંધોમાં સુખનો સ્વાર્થ હોય છે.'

જ્યારે....

'દુ:ખી માણસોના સંબંધોમાં લોહી કરતાં માંગણી વગરની લાગણી વધુ વિકસીત થતી હોય છે. '

૬૫ ફલેટો વચ્ચે અને એક વિશાળ મંદિર સામે રહેતી એક દર્દભરી નારીની દાસ્તાન સાંભળવાની કોઈને ફૂરસદ નથી, સમસ્યાના સમાધાનની તો વાત જ ક્યાં કરવી ?

'મંદિર મેં જાનેવાલે યહાં હર ચહેરે પે નકાબ હૈ...'

અંદર સે કૂછ ઔર હૈ બહાર સે કૂછ ઔર હૈ.'

કોઈના જીવનના ભાગ્ય અહીં ફૂટી ગયા છે ત્યારે નાદાન લોકો મટકી ફોડના કાર્યક્રમોમાં ફસાયેલા છે. યુગ પુરુષ શ્રીકૃષ્ણ મહારાજે દૂષ્ટોના અન્યાય, અન્યાચારો અને અસામાજિક દૂષણોને ફોડી-ફોડીને સમાજને ભયમુક્ત કર્યો ત્યારે એ જે કથિત કૃષ્ણ ભક્તો કાળજા કઠણ રાખીને કોઈના 'હમદર્દ' બનતા નથી. કોઈના દુ:ખદર્દમાં સહભાગી કે સહાયક બનતાં નથી.મારા પાંચ દિવસના રોકાણમાં છેલ્લા બે દિવસ જ શીતળા સાતમ અને કૃષ્ણ અષ્ટમી તે બહેનના સંપર્કમાં આવ્યો. મારા બે પ્રવચનો અને બેકલાક તેની વ્યથા સાંભળવા સમય આપ્યો. અઢળક રૂપિયા જેની પાસે છે તે અને ઓછા રૂપિયા જેમની પાસે છે તેવા તમામ પ્રકારના લોકો રૂપિયાઓનું સારૂ ઈન્વેસ્ટમેન્ટ કરવા આતુર હોય છે કે ભવિષ્યમાં તેનો ઘણો લાભ થાય. સ્વાર્થી માણસો પૈસો અને પ્રેમ આપવામાં પણ કંજુસાઈ કરે તે તો સમજી શકાય પણ અહીં તો વાણી અને વખત આપવામાં પણ કંજુસાઈ દેખાઈ આવે છે. અહીં આપવા કરતાં એવું વધારે કહેવું યોગ્ય લેખાશે કે વાણી અને વખતનું ઈન્વેસ્ટમેન્ટ કરવું. કોઈ દુ:ખી વ્યક્તિ માટે સલાહ-સૂચન, માર્ગદર્શન, હિંમત, આશ્વાસન, ધીરજ, સહાનુભૂતિ, સમજણ વગેરે આપવા વખત અને વાણીનો ઉપયોગ કરવો એ પણ પરોપકાર છે. આપણે કરેલ વાણી અને વખતનું ઈન્વેસ્ટમેન્ટ (કર્મ) ક્યારેય નિષ્ફળ જતું નથી. આ વૈદિક વાત સમજવા જેવી છે. 'આપણે આમાં શું ?' એમ કહીને આજનો માણસ આમાં પણ કંજુસી કરે છે. મેં સ્વયં તે દુ:ખી બહેન માટે વાણી અને વખતનું જ ઈન્વેસ્ટમેન્ટ કરેલું હતું. તેના પરિણામો અને પ્રભાવો પણ એટલા જ સંવેદનશીલ અને સરસ હતા કે બહેનને અંતે કહેવું પડયું કે 'હું હવે એવું કોઈ પગલું નહિં ભરું કે જે મારા જીવનને સમાપ્ત કરી દે. ' ફરી ક્યારે આવશો ? મેં કહ્યું પોકાર પરિવાર ફરી બોલાવશે ત્યારે. જલ્દી આવજો. સારા માણસોની સારી વાતો સાંભળવાથી જીવનમાં ઉત્સાહ અને ઉમંગ આવે છે. મોડી રાત્રે બાર વાગ્યે મારી વિદાય સુધી તે બહેન પોકાર પરિવારની બહેનો સાથે પોતાની ૧૦ વર્ષની પુત્રી સાથે ગ્રાઉન્ડ ફલોરે ગાડીમાં બેઠો ત્યાં સુધી નમસ્તે કરવા આવ્યા. આ ચમત્કાર મારો ન હતો. પણ આ ચમત્કારની ચિનગારી મહર્ષિ દયાનંદના મીશન અને ઈશ્વરીય વાણી વેદ ની હતી. આ ચમત્કાર હતો ગુરુજનોના જ્ઞાન-વિજ્ઞાનનો. સત્યાર્થ પ્રકાર વાંચવાની સલાહ આપવા કરતાં સત્યાર્થ પ્રકાશનું એક અનુકરણ કે અનુષ્ઠાન માણસને વધુ પ્રભાવિત કરે છે. આચરણ અને અનુષ્ઠાનના પ્રભાવને કારણે જ જે તે સમયે આર્યસમાજના વૈદિક પ્રચાર-પ્રસારમાં વધુ અસરકારતા હતી. દહિંસર(મુંબઈ)ની આજુબાજુ કોઈ આર્યસમાજ નથી. નહિં તો તે બહેન જરૂર બ્રહ્માકુમારી કેન્દ્રની સાથે આર્યસમાજના સત્સંગમાં પણ જાય.

(ક્રમશઃ)

# વિષયમાં સુખ લેવું અવિદ્યા છે

સર્વદુ:ખોની જનેતા અવિદ્યા છે. મિથ્યાજ્ઞાન હોવું અવિદ્યા છે. જે સાધનથી પદાર્થનું સ્વરુપ વિપરીત સમજવામાં આવે તેને અવિદ્યા કહેવાય. વિદ્યા અને અવિદ્યા એકબીજાથી વિરોધી છે. બંનેની સત્તા છે. અવિદ્યાનું ક્ષેત્ર અતિવિસ્તૃત છે. અનિત્ય પદાર્થને નિત્ય માનવો, અશુદ્ધ પદાર્થને શુદ્ધ માનવો, દુ:ખને સુખ સમજવું, જડને ચેતન સમજવું અવિદ્યા છે. પુનઃ જન્મનું કારણ અવિદ્યા છે.

સુખ જોઈતું હોય તો અવિદ્યા હટાવો અને વિદ્યાનું મનમસ્તિષ્કમાં સ્થાપન કરો. શુભાશુભ કર્મો કરીશું તો સંસાર મળશે. સંસાર મળશે તો દુ:ખથી બચી નહીં શકાય. દુ:ખથી બચવાનો શ્રેષ્ઠ અને અંતિમ ઉપાય છે અવિદ્યાને મારી હટાવો. અવિદ્યાના ભસ્મીકરણ અર્થે પ્રત્યેક મનુષ્યએ યોગાભ્યાસ કરવો અનિવાર્ય છે. યોગાભ્યાસ એટલે પોતાના સંસ્કારો સાથે, પોતાની જાત સાથે લડવું. અન્યો સાથે લડી જીતવું સરળ છે, પરંતુ પોતાની સાથે લડી વિજય પ્રાપ્ત કરવો કઠિન છે. અવિદ્યાના સંસ્કારોને દગ્ધબીજ કરવા પરમપુરુષાર્થ માંગે છે, આ અસંભવ નથી. કઠિન કાર્યનું ફળ પણ અતિઉત્તમ હોય છે. શું આપણે કઠિન કાર્યો જીવનમાં કરતા નથી ? દરેક ઉત્તમ કાર્ય પુરુષાર્થ માંગે છે, તપસ્યા માંગે છે. શું સાંસારિક ભોગ માટે મનુષ્ય ઓછો પુરુષાર્થ કરે છે, ઓછો ત્યાગ કરે છે ? આ જ પરિશ્રમ જો ઈશ્વરપ્રાપ્તિ માટે કરવામાં આવે તો મનુષ્યનો બેડો પાર થઈ જાય છે. આ માટે ઈશ્વરપ્રાપ્તિની ભૂખ જગાડવી અતિઆવશ્યક છે. ભૂખ જગાડવા માટે દઢ નિર્ધાર, સત્સંગ, સ્વાધ્યાય અને તપસ્યાની જરુરત રહે છે.



**दृग्दर्शनशक्त्योरेकात्मतेवास्मिता ॥२-६॥**

**दृक्शक्ति** = જ્ઞાનનો અનુભવ કરનાર જીવાત્મા, **दर्शनशक्ति** = જે સાધનથી અનુભવ કરે છે તે ઉપકરણ બુદ્ધિ, **एकात्मता** = એકરુપ માનવી **अस्मिता** = અસ્મિતા નામક ક્લેશ છે. કર્તા અને સાધનને એક સમજવું અસ્મિતા ક્લેશ છે. જીવાત્મા અને બુદ્ધિ (અંતકરણ આદિ) ભિન્ન=પૃથક પદાર્થ છે તેને એક જ સમજવા અવિદ્યા છે. જીવાત્મા ચેતન પદાર્થ છે અને બુદ્ધિ પ્રકૃતિજન્ય જડ પદાર્થ છે. આ બંનેનું પરસ્પર કોઈપણ પ્રકારે સંમિશ્રણ કરવું અસ્મિતા નામક ક્લેશ છે. બુદ્ધિ સ્તરે થતું પરિણામ, પરિવર્તન કે ક્રિયાને પોતાનામાં આરોપવી દુ:ખનું કારણ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, સુખ, દુ:ખ આદિ પ્રકૃતિના ગુણો છે તેને અજ્ઞાનતાવશ આત્માના ગુણો માનવા અવિદ્યા છે. જો આ ગુણો આત્માના સહજ ગુણો માની લેવામાં આવે તો મનુષ્ય કદાપિ આ ગુણો હટાવવા પુરુષાર્થ નહીં કરે. પરિણામે તે કદાપિ દુ:ખોથી બચી ન શકે.

મનુષ્ય સુખની પ્રાપ્તિ હેતુ ખીર ખાય છે. ખીર ખાઈ મન અતિપ્રસન્ન થાય છે. મનુષ્ય સમજે છે કે ખીર મેં ખાધી, ખૂબ મજા પડી, વારંવાર આવી ખીર મળતી રહે તો સારું. શું ખીરનો અત્યન્ત સૂક્ષ્મ કણ જીવાત્મામાં પ્રવેશી જાય છે ? શું પ્રકૃતિનો સૂક્ષ્મતમ ભાગ જીવાત્મામાં ભળી શકે ખરો ? શરીર આદિને જે કંઈ નુકશાન થાય છે તે શું આત્માને નુકશાન થાય છે ? વાસ્તવમાં કોઈપણ પ્રકૃતિનો કણ આત્મામાં પ્રવેશતો નથી અને કોઈપણ પ્રકારનું નુકશાન આત્માને થતું જ નથી. છતાંપણ આ પ્રમાણેની ક્રિયા પોતાનામાં થતી માનવી અસ્મિતા નામક અવિદ્યા છે. શરીર કે બુદ્ધિ તત્વમાં થતું આરોપણ પોતાનામાં સમજવું અવિદ્યા છે. ખીર ખાવી ખરાબ નથી, પરંતુ તેને ગ્રહણ કરવામાં રસ લેવો બંધનકારક છે. વિષય પ્રત્યેની આસક્તિ બંધન=સંસાર અપાવે છે. આસક્તિ છૂટે તો સંસાર છૂટે. જે તરફ મનુષ્ય દોડે છે તે તેને મળે છે. ઈશ્વર તરફ મનુષ્ય દોડતો નથી, તેથી તેને તે પ્રાપ્ત થતો નથી. આજે મનુષ્યનું લક્ષ જ અતિનિષ્કૃષ્ટ છે, પરિણામે તે દુ:ખ, પીડા, કષ્ટ આદિ સમયે-સમયે અનુભવતો રહે છે.

સંસાર જીવાત્માઓ માટે જ છે. સંસાર રચવામાં ઈશ્વરનો પોતાનો કોઈ હેતુ નથી અને આવશ્યકતા પણ નથી. જીવાત્માઓના કલ્યાણ અર્થે જ પરમાત્માએ આ સુંદર સંસારનું સર્જન કરલ છે. સંસારને જો સ્વાદ સાથે ભોગવવામા આવે તો તે અહિતકર્તા બની રહે છે. સંસારના પદાર્થનો વિવેકપૂર્ણ ઉપયોગ જ યોગાભ્યાસ છે. સાધનરુપે સંસારનો પ્રયોગ કરનારને સંસાર બાંધતો નથી, પરંતુ અવિદ્યાપાશના બંધનથી મુક્ત કરે છે. જે સંસારમાં સુખ માણે છે તેને તે સુખની સાથે ૪ ગણા દુ:ખ આવી ભળે છે. સમજદારી એમાં છે કે તે પદાર્થોનો ઉપભોગ સુખ માણ્યા વિના કરવામાં આવે. પદાર્થો અને સંબંધોને કેવળ સાધનરુપે પ્રયોગ કરનારને અસ્મિતા દુ:ખ સતાવતું નથી. વસ્તુમાં રહેલ સુખની લાલસા રાખવી એટલે સંસારનું સર્જન થયું એમ જાણવું જોઈએ.

વિષયમાં સુખ લેવું અવિદ્યા છે અને પરમાત્મામાં સુખ લેવું વિદ્યા છે. ભોકતાસ્વરુપને મિટાવી દેવું મોક્ષનું કારણ છે. સ્વસ્વામી સંબંધનો વિચ્છેદ કરવો કલેશહર્તા છે. જે જે સાધનો મોક્ષમાર્ગમાં સહાયક છે તેને અપનાવતા જાઓ અને જે જે બાધક છે તેને હટાવતા જાઓ. આ પ્રકારની જીવનશૈલી અપનાવવી આવશ્યક છે. યોગાભ્યાસ એક એવું તેજસ્વી શસ્ત્ર છે જેના દ્વારા જન્મોજન્મના કલેશોનું ભસ્મીકરણ થાય છે અને નવા અનાસકત કર્મોનો સંચય થાય છે. છૂટનાર વસ્તુઓને પ્રેમપૂર્વક પહેલાંથી છોડવામાં મનુષ્યની બુદ્ધિમત્તા છે. અધ્યાત્મ માર્ગમાં સત્વગુણનો સંચય ઉપકારક છે, પરતુ કેવળ સત્વગુણમાં રમણ કરતા રહેવું હિતકારી નથી. સત્વગુણ સ્વર્ગ=વિશેષ સુખ આપે છે. સ્વર્ગથી પણ વિશેષ હિતકારી પરમાત્માનું શરણ છે. પરમાત્માને સમર્પિત થયા વિના સંસાર છૂટતો નથી. પરમાત્મશરણ અત્યન્ત દુ:ખના બંધનથી છોડાવી મોક્ષાનંદમાં રમણ કરાવે છે. સંસાર અને મોક્ષ બંને એકસાથે મળી ન શકે. સંસારમાં ભોગ ભોગવવાની કામના કરનારે મોક્ષની આશા ત્યજી દેવી જોઈએ. મોક્ષની કામના કરનારે સંસારને માણવો ન જોઈએ, કેવળ રક્ષક બની પ્રયોગ કરવો જોઈએ. જે મનુષ્યને સંસાર ભોગવવાની હજુ કામના હોય તેને જ ગૃહસ્થમાં પ્રવેશ કરવો જોઈએ. ગૃહસ્થ રમણ કરવા માટે નહીં, પરંતુ કેવળ પરીક્ષણ માટે છે. ૨૫ વર્ષ પરીક્ષણ કરી લો. વાનપ્રસ્થ તરફ આગળ વધો.

જો વેદની આજ્ઞાનુસાર ગૃહસ્થધર્મ સ્વીકારવામાં આવે તો તે બાધક નથી. ગૃહસ્થાશ્રમ તો એક લેબોરેટરી છે. સંસારના પદાર્થોમાં રહેલ સાચા સુખને જાણી લો અને આગળ વધો. વૈરાગ્યસંપન્ન પુરુષને ગૃહસ્થમાં જવાની આવશ્યકતા નથી. જીવનમાં આધ્યાત્મિક વિશેષ ઉપલબ્ધિ ઈચ્છનારે ગૃહસ્થધર્મ સ્વીકારવાની જરુર નથી. **(સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકજીના વ્યાખ્યાનમાંથી)**

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com